
MANOGAT • Year-39 • Issue-5 • 10 June 2020 • Jeth Vad 5, Samvat 2076 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 35



શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભાજપ સરકાર (૨.૦)નું પ્રથમ વર્ષ વિશેષાંક

# મનોગત




## વિચારધારાની ધ્યેયપૂર્તિ દ્વારા ગૌરવમય અસ્તિત્વનો રણટંકાર કરતું દ્વિતીય ચરણનું પ્રથમ વર્ષ આત્મનિર્ભર ભારતનો બુલંદ પાયો નાખનાર વર્ષ તરીકે આલેખાશે


- રામમંદિર
- કલમ ૩૭૦
- સીએએ
- ત્રિપલ તલાક નાબૂદી



## ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગતપ્રકાશ નડ્ડાજીનો ૨.૦ના સફળ તથા ઐતિહાસિક પ્રથમ વર્ષના પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ભાજપાના કરોડો કાર્યકર્તાઓને સંદેશ

- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્રની ભારતીય જનતા પાર્ટી સરકારના દ્વિતીય કાર્યકાળના ઐતિહાસિક અને સફળ પ્રથમ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં ભારતીય જનાત પાર્ટીના કરોડો કાર્યકર્તાઓ તરફથી પ્રધાનમંત્રીજીને હાર્દિક વધાઈ આપું છું.
- મોદી સરકારનો પ્રથમ કાર્યકાળ બહુવિધ સુધારાઓ અને 'ન્યુ ઈન્ડિયા'ની ઘરેડને સ્થાપિત કરવા માટે સમર્પિત હતો. તેમના દ્વિતીય કાર્યકાળનું પ્રથમ વર્ષ મોટા તથા આકરા નિર્ણયો લેવાના જિગરભર્યા અવસરોને પાર પાડવા માટે યાદ રખાશે.
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જે સંયમ અને સંકલ્પની સાથે જનભાગીદારીને આહ્વાન કરવાની સાથે કોરોના વાઈરસને પડકારતો શંખનાદ કર્યો છે, તે એક અભૂતપૂર્વ ઘટના છે. તેમણે જગતને બતાવી આપ્યું છે કે ભારત આવી સમસ્યાનો સામનો કરવા તથા લડી લેવામાં પણ સક્ષમ છે. પ્રધાનમંત્રીજીના નેતૃત્વમાં જન-ભાગીદારી, જનવિશ્વાસ, જનસહકાર અને જાગરૂકતા - આ ચાર બાબતો જાગ્રત ચેતનાના ચાર મજબૂત સ્તંભ બનીને ઊભરી છે.
- ૨૮ માર્ચ ૨૦૨૦ના રોજ નરેન્દ્રભાઈ મોદીજીના આહ્વાન પર 'પીએમ કેયર્સ' ફંડની સ્થાપના થઈ. મને એ કહેતાં ગર્વ થાય છે કે કેવળ એક સપ્તાહમાં જ ૬,૫૦૦ કરોડ રૂપિયા આ ફંડમાં જમા થઈ ગયા. આ બાબત સિદ્ધ કરે છે કે આપણા પ્રધાનમંત્રીજીની એક ટહેલ પર દેશવાસીઓ તન-મન-ધનથી સહયોગ કરે છે.
- ૬૦ હજારથી વધુ વેન્ટિલેટરની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ૫૮,૦૦૦ મેક ઈન ઈન્ડિયા અંતર્ગત બન્યાં છે. આમાં પણ ૫૦,૦૦૦ વેન્ટિલેટર પીએમ કેયર્સ ફંડમાંથી ખરીદવામાં આવશે. આજે દેશમાં ૬૫૦થી વધુ ટેસ્ટિંગ લેબ કામ કરી રહી છે.
- જનબળ અને આત્મબળને પોતાની ભુજાઓ બનાવીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી આજે દેશને આત્મનિર્ભર લક્ષ્યોની તરફ આગેકૂચ કરી રહ્યા છે. ભારત દેશની મજબૂત ભુજાઓ આપણા શ્રમિકો છે, જેમણે પોતાના ખૂન-પસીનાથી આ વિશાળ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. આજે આફતની આ ઘડીમાં આદરણીય પ્રધાનમંત્રીજીના નેતૃત્વમાં ભાજપ સરકારે દરેક પ્રવાસી મજદૂરોને તેમના ગંતવ્યસ્થાન સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે.
- કોરોના મહામારી સામે લડવા માટે સ્વાસ્થ્ય કર્મચારીને ૫૦ લાખ રૂપિયાનો વીમો પ્રદાન કરવામાં આવ્યો છે. પ્રવાસી મજદૂરોના ભોજન તથા તેમના રોકવાની વ્યવસ્થાના હેતુસર રૂ. ૩૫૦૦ કરોડ આપવામાં આવ્યા છે.
- કોરોનાના વૈશ્વિક સંકટ વખતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ માત્ર પોતાના દેશની જ ચિંતા નહીં, બલકે 'વસુધૈવ કુટુંબકમ્'ની સંસ્કૃતિને ચરિતાર્થ કરતાં વિશ્વના ૧૧૩ દેશોને દવા પહોંચાડવાનું કામ કર્યું છે. આ માનવતાની એ મિસાલ છે જેને દુનિયા નિહાળી રહી છે.
- પ્રધાનમંત્રીજીએ દેશને સુરક્ષિત કરવા, દરેક વ્યક્તિને સમાન હરોળમાં લાવવાના હેતુસર તથા દેશની એકતા અને અખંડતાને અક્ષુણ્ણ રાખવા માટે એવા અનેક નિર્ણયો લીધા છે, જેનાથી ભારતની તસવીર બદલવાનું સુંદર કામ થયું છે.
- ગત એક વર્ષમાં અનુચ્છેદ ૩૭૦, નાગરિકતા સંશોધન કાનૂન, રામમંદિર નિર્માણ અને ટ્રિપલ તલાક જેવી કઠિન બાબતોમાં શાંતિપૂર્ણ અને ન્યાયપૂર્ણ સમાધાન લાવીને દેશની એકતા અને અખંડિતતાને મજબૂત બનાવવાનું કામ કર્યું છે.
- જનહિતની ભાવના, દેશહિતની ધગશ અને સૌનો સાથ - સૌનો વિકાસનો સંકલ્પ, દેશના છેવાડાન ભાગે રહેતા ગરીબ માણસના જીવનસ્તરને સુધારવા માટેની ઈચ્છાશક્તિ મોદી સરકારની કાર્યશૈલીમાં ઊડીને આંખે દેખાય છે.
- દેશ માટે એ ગૌરવની વાત છે કે ૨૦૧૪માં જન-જનના નેતા બનીને પ્રગતિપથ પર આગેકૂચ કરતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી આજે દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. આપણે બધા પ્રધાનમંત્રીજીએ ચીંધેલા માર્ગ પર તાકાત સાથે આગળ ધપીએ એ જ પાર્ટીના બધા કાર્યકર્તાઓને મારું નમ્ર નિવેદન છે.





## તંત્રીસ્થાનેથી

Year 39 • Issue 5 • Pages 28

### માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર (૨.૦)નું પ્રથમવર્ષ

# વિચારધારાની ધ્યેયપૂર્તિ દ્વારા ગૌરવમય અસ્તિત્વનો રણટંકાર કરતું દ્વિતીય ચરણનું પ્રથમ વર્ષ આત્મનિર્ભર ભારતનો બુલંદ પાયો નાખનાર વર્ષ તરીકે આલેખાશે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારના દ્વિતીય ચરણ (૨.૦)નું પ્રથમ વર્ષ પૂર્ણ થયું. આ એક વર્ષનું મહત્ત્વ ઐતિહાસિક છે.

(૧) આ વર્ષ રાષ્ટ્રવાદની વિચારધારાની ધ્યેયપૂર્તિના વર્ષ તરીકે ઇતિહાસમાં સુવર્ણઅક્ષરે લેખાશે. આઝાદીકાળથી જમ્મુ-કાશ્મીર બાબતે કાળા ધબ્બા સમાન બંધારણની ૩૭૦મી કલમ નાબૂદ કરાઈ, રામમંદિરના નિર્માણકાર્યને સર્વોચ્ચ અદાલતનું સમર્થન મળ્યું, પડોશી દેશોની લઘુમતી (હિંદુ શરણાર્થીઓ)ને નાગરિકતા આપવી (CAA) અને કોમન સિવિલ કોડના પરોક્ષ સાક્ષાત્કાર સમાન મુસ્લિમ બહેનોને સન્માન અપાવવા ત્રિપલ તલાકને દૂર કરતા - મહત્ત્વના ઐતિહાસિક આપણી વિચારાધારાનાં કાર્યો આ વર્ષમાં પૂર્ણ થયાં છે. માટે જ આ વર્ષ 'વિચારધારાના ધ્યેયપૂર્તિ વર્ષ' તરીકે આલેખાશે.

(૨) ઉપરોક્ત કાર્યો એ તે પૈકીના જ મહત્ત્વનાં કાર્યો છે જે માટે ભારતીય જનતા પાર્ટીએ રાજનીતિક ક્ષેત્રમાં પદાર્પણ કર્યું હતું. માટે જ આ વર્ષના સરકારના આ કાર્યોએ રાજનીતિમાં ભાજપનું આવવું - હોવું અને ઇતિહાસના પૃષ્ઠ પર ગૌરવભેર પ્રસ્થાપિત થવું ભાજપે પુરવાર કર્યું છે. આ દૃષ્ટિએ આ વર્ષ ભાજપના 'ગૌરવમય અસ્તિત્વના રણટંકારનું વર્ષ' પણ કહી શકાય.

(૩) આ બંને ઉપરાંત આ વર્ષને આપણે સૌ આર્થિક બાબતે 'ગેમ ચેન્જર', 'ટર્નિંગ પોઈન્ટ વર્ષ' અથવા તો 'આત્મનિર્ભર ભારત પદાર્પણ વર્ષ' તરીકે પણ ઓળખી શકીએ. કોરોનાની મહામારીમાં સમગ્ર દેશને સ્વચ્છતા અને સ્વસ્થતા માટે જાગૃત કરીને આપત્તિને પણ અવસરમાં પલટાવવા 'આત્મનિર્ભર' ભારત તરફનો જે દૃષ્ટિકોણ અપાયો છે તે આવનારા સમયમાં તમામ ભારતીયને વિચાર, વ્યવહાર અને આત્માથી ભારત સાથે ખરા અર્થમાં જોડનાર છે. સમગ્ર વિશ્વને - 'વિશ્વ એક બજાર નહીં, પરંતુ વિશ્વ એક પરિવાર'નો સંદેશ ભારતવર્ષ જ આપનાર છે. માટે જ આ વર્ષ આપણા સૌ માટે વિચાર, વસ્તુ અને વર્તન માટે પણ 'આત્મનિર્ભર વર્ષ' છે.

આમ જુઓ તો ભાજપના નેતા, નીતિ અને નિયત ત્રણેય સંદર્ભે શ્રી નરેન્દ્રભાઈ ન માત્ર આ માટીમાં જ જન્મેલા છે પરંતુ જમીન સાથે પણ જોડાયેલા નેતા છે. પ્રાણ જાય પણ વચન ના જાય અર્થાત્ કહ્યું તે કર્યું એ સાંસ્કૃતિક વારસાની નિયતના આપણે સૌ વાહક છીએ અને સાથે સાથે આપણી નીતિ પણ સુશાસન અને રામરાજ્યના નિર્માણની જ રહી છે.

આનંદ એ વાતનો છે કે નેતા, નીતિ અને નિયત ત્રણેયમાં આપણે સ્વદેશી અને આત્મનિર્ભર રહ્યા છીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ


પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.



## માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો પત્ર



# ૧૩૦ કરોડ ભારતીયો પોતાની તાકાતથી આર્થિક ક્ષેત્રે પણ વિશ્વને ચકિત જ નહીં, પ્રેરિત પણ કરી શકશે

મારા પ્રિય દેશવાસીઓ,


આજથી એક વર્ષ પૂર્વે ભારતીય લોકશાહીના ઈતિહાસમાં એક નૂતન સોનેરી અધ્યાય ઉમેરાયો. દેશમાં દસકાઓ પછી પૂર્ણ બહુમતવાળી સરકારને સતત બીજીવાર જનતાએ જવાબદારી સોંપી. આ ઈતિહાસ સર્જવામાં આવે બહુ મોટી ભૂમિકા ભજવી છે. માટે આજનો આ દિવસ મારે માટે તમને નમન કરવાનો અને ભારત તથા ભારતીય લોકશાહી પ્રત્યે આપની આ નિષ્ઠાને પ્રણામ કરવાનો અવસર છે.

જો સામાન્ય પરિસ્થિતિ હોત તો તમારી વચ્ચે આવીને તમને મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાત, પરંતુ વૈશ્વિક મહામારી કોરોનાને કારણે જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે, તે પરિસ્થિતિમાં આ પત્ર દ્વારા આપને હૃદયપૂર્વકના પ્રણામ કરીને તમારા આશીર્વાદ લેવા આવ્યો છું, ગત વર્ષોમાં તમારા સ્નેહ, શુભાશિષ અને સક્રિય સહયોગે મને નિરંતર એક નવી ઊર્જા, નવી પ્રેરણા પ્રદાન કરી છે. આ દરમિયાન તમે લોકશાહીની જે સામૂહિક શક્તિનું દર્શન કરાવ્યું, તે આજે સમગ્ર વિશ્વને માટે એક ઉદાહરણરૂપ બની ચૂકી છે.

વર્ષ **૨૦૧૪**માં દેશની જનતાએ દેશમાં એક મોટા પરિવર્તન માટે અને દેશની નીતિ અને રીતિ બદલવા માટે મત આપ્યો હતો. એ પાંચ વર્ષોમાં દેશની વ્યવસ્થાઓને જડતા અને ભ્રષ્ટાચારના કાદવ-કીચડમાંથી બહાર નીકળતી આપે જોઈ છે. દેશે અંત્યોદયની ભાવનાની સાથે સાથે ગરીબોનું જીવન સરળ બનાવવા માટે વહીવટી સુધારા થતા પણ જોયા છે.

આ સમયગાળામાં એક બાજુ વિશ્વમાં ભારતની આન, બાન અને શાન વધી, તો બીજી બાજુ અમે ગરીબોનાં બેંક ખાતાં ખોલીને, એમને નિઃશુલ્ક ગેસજોડાણ, નિઃશુલ્ક વીજળીનું જોડાણ, શૌચાલય અને ઘર બનાવીને ગરીબોનું જીવનધોરણ સુધાર્યું છે. આજ કાર્યકાળમાં એક તરફ **સર્જિકલ સ્ટ્રાઈક** અને **એર ટ્રાઈક** કરી, તો બીજી બાજુ **વન રેંક-વન પેન્શન, વન-નેશન વન-ટેક્સ** (GST), અને ખેડૂતોની **MSP (લઘુતમ ટેકાના ભાવ)**ની વર્ષો જૂની માંગોને પણ પૂર્ણ કરી છે.

વર્ષ ૨૦૧૯માં દેશની જનતાના આશીર્વાદ દેશનાં મહાન સ્વપ્નોને પૂરાં કરવા માટે હતા. આશાઓ-આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે હતા. ગત એક વર્ષમાં લેવાયેલા નિર્ણયો આ જ મોટાં સ્વપ્નાંઓને સાકાર કરવાની અનુભૂતિ છે. આજે જન-જન સાથે જોડાયેલી જન-મનની જનશક્તિ, રાષ્ટ્રશક્તિની ચેતનાને પ્રજ્વલિત કરી રહી છે. ગત એક વર્ષમાં દેશે સતત નવાં સપનાં જોયાં, નવા સંકલ્પો લીધા અને આ સંકલ્પોને સિદ્ધ કરવા માટે નિરતર નિર્ણયો લઈ પગલાં પણ લીધાં. ભારતની આ ઐતિહાસિક યાત્રામાં દેશના પ્રત્યેક સમાજ, પ્રત્યેક વર્ગ અને પ્રત્યેક વ્યક્તિએ ખૂબ સુંદર રીતે પોતાની જવાબદારી નિભાવી છે. **'સૌનો સાથ - સૌનો વિકાસ - સૌનો વિશ્વાસ'** - આ મંત્રને લઈને આજે દેશ સામાજિક હોય કે આર્થિક, વૈશ્વિક હોય કે પ્રાદેશિક, બધી જ દિશામાં આગળ



વધી રહ્યો છે. ગત એક વર્ષમાં કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો ખૂબ જ ચર્ચામાં રહ્યા અને તેથી જ આ ઉપલબ્ધિઓ યાદ રહે એ બહુ સ્વાભાવિક છે.

રાષ્ટ્રીય એક્તા - અખંડતા માટે **આર્ટિકલ-૩૭૦**ની વાત હોય, સદીઓ જૂના સંઘર્ષનાં સુખદ પરિણામ - **રામમંદિર નિર્માણ**ની વાત હોય, આધુનિક સમાજ-વ્યવસ્થામાં અવરોધરૂપ બનેલ **ટ્રિપલ તલાક** હોય કે પછી ભારતની કરુણાનું પ્રતીક એવો **નાગરિકતા સંશોધન કાનૂન** હોય, આ બધી જ ઉપલબ્ધિઓ આપણને સૌને યાદ છે.

એક પછી એક લેવાયેલ આ ઐતિહાસિક નિર્ણયો વચ્ચે બીજા અનેક નિર્ણયો, અનેક પરિવર્તનો એવાં પણ છે, જેમણે ભારતની વિકાસયાત્રાને નવી ગતિ આપી છે, નવાં લક્ષ્ય અંકિત કર્યાં છે. લોકોની અપેક્ષાઓને પૂરી કરી છે. **ચીફ ઓફ ડિફેન્સ** (CDS) સ્ટાફના પદનું ગઠન થવાથી ત્રણેય સેનાઓના સમન્વયમાં વધારો થયો છે, સાથે સાથે **મિશન ગગનયાન** માટે ભારતે પોતાની તૈયારીઓની ઝડપ વધારી દીધી છે.

આ દરમિયાન ગરીબોને, ખેડૂતોને, મહિલાઓને અને યુવાનોને સશક્ત કરવા એ અમારી પ્રાથમિકતા રહી છે. હવે, **પીએમ કિસાન સન્માન નિધિ**માં દેશના પ્રત્યેક ખેડૂતનો સમાવેશ થઈ ચૂક્યો છે. ગત એક વર્ષમાં આ યોજના અંતર્ગત **૯.૫૦** કરોડથી વધુ ખેડૂતોનાં ખાતાંઓમાં **૭૨,૦૦૦** કરોડ રૂપિયાથી વધારે રકમ જમા કરવામાં આવી છે. દેશનાં **૧૫ કરોડ**થી વધુ ગ્રામીણ ઘરોમાં પીવાનું ચોખ્ખું પાણી પાઈપ લાઈનથી મળે, તે માટે **'જળ જીવન મિશન'** શરૂ કરાયું છે. આપણા **૫૦ કરોડ**થી વધુ **પશુધન**નાં સારા સ્વાસ્થ્ય માટે **મફ્ત રસીકરણ**નું બહુ મોટું અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. દેશના ઈતિહાસમાં પ્રથમવાર એવું થઈ રહ્યું છે કે ખેડૂત, ખેત-મજૂર, નાના વેપારીઓ અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિક સાથીઓ માટે **૬૦** વર્ષની ઉંમર પછી **૩૦૦૦** રૂપિયાના નિયમિત માસિક પેન્શનની સુવિધા સુનિશ્ચિત કરાઈ છે. માછીમારોની સગવડ વધારવા માટે, એમને મળનારી સુવિધાઓ વધારવા તથા બ્લ્યૂ ઈકોનોમી (દરિયાઈ અર્થ-વ્યવસ્થા)ને મજબૂત કરવા માટે વિશેષ યોજનાઓની સાથે સાથે એક જુદો વિભાગ જ બનાવવામાં આવ્યો છે. તેવી જ રીતે વેપારીની સમસ્યાઓનો સમયસર ઉકેલ આવે તે માટે **વેપારી કલ્યાણ નિગમ** બનાવવામાં નિર્ણય લેવામાં આવેલ છે સ્વયં સહાય જૂથ સાથે જોડાયેલી **૭ કરોડ** બહેનોને પણ હવે વધુ નાણાકીય સ્વયં સહાય જૂથ અપાઈ રહી છે. તાજેતરમાં જ સ્વસહાય જૂથો માટે જામીન વગરની લોન **૧૦ લાખ**થી વધારીને બમણી એટલે કે **૨૦ લાખ** કરી દેવામાં આવી છે. આદિવાસી બાળકોના શિક્ષણને ધ્યાનમાં રાખી દેશમાં **૪૫૦**થી વધુ નવી આદર્શ નિવાસી સ્કૂલોના નિર્માણનું અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું છે.

સામાન્ય માણસના હિત સાથે સંકળાયેલ સારા કાયદા બને, તે માટે ગત વર્ષમાં ખૂબ જ ગતિથી કામ થયું છે. આપણી સંસદે એના કામકાજના વર્ષો જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. તેનું જ પરિણામ છે કે **ગ્રાહક સુરક્ષા કાયદો** હોય, **ચિટફંડ કાયદા**માં સુધારો હોય કે **દિવ્યાંગો, મહિલાઓ** અને **બાળકો**ને વધુ **સુરક્ષા** આપનાર કાયદાઓ હોય એ બધા જ કાયદાઓ ઝડપથી બની રહ્યા છે.

સરકારની નીતિઓ અને નિર્ણયોને કારણે શહેરો અને ગામડાંઓની વચ્ચેનું અંતર ઓછું થઈ રહ્યું છે. પહેલી વાર એવું બન્યું છે કે, જ્યારે **ગામડાંઓ**માં ઈન્ટરનેટનો ઉપયોગ કરનારાઓની સંખ્યા, **શહેર**માં ઈન્ટરનેટ વાપરનારાઓ કરતાં **૧૦ ટકા** વધારે થઈ ગઈ છે.

દેશહિતમાં કરવામાં આવેલા આ પ્રકારનાં ઐતિહાસિક કાર્યો અને નિર્ણયોની યાદી ઘણી લાંબી છે. આ પત્રમાં બધું જ વિસ્તારથી કહેવું શક્ય નથી. પણ હું એટલું ચોક્કસ કહીશ કે, **ગત વર્ષના કાર્યકાળના પ્રત્યેક દિવસ અને ચોવીસે ચોવીસ કલાક પૂરેપૂરી સજાગતા સાથે કામ થયું છે,** સંવેદનશીલતાથી કામ થયું છે, નિર્ણયો લેવાયા છે.

દેશવાસીઓની આશાઓ, આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે અમે ઝડપથી આગળ વધી જ રહ્યા હતા, ત્યાં જ વૈશ્વિક મહામારી **કોરોના**એ ભારતને પણ સંક્રમિત કર્યું

એક બાજુ અતિ આધુનિક સ્વાસ્થ્ય સેવાઓ અને વિશાળ અર્થવ્યવસ્થા ધરાવતી વિશ્વની મહાસત્તાઓ છે, ત્યારે બીજી બાજુ આટલી બધી વસતી અને પડકારોથી ઘેરાયેલું આપણું ભારત છે. કેટલાય લોકોને આશંકા હતી કે, જ્યારે કોરોના ભારત ઉપર ત્રાટકશે ત્યારે ભારત સમગ્ર વિશ્વ માટે સંકટ બની જશે. પણ આજે વિશ્વના દેશોએ ભારતને જોવાનો દૃષ્ટિકોણ બદલવો પડયો છે. તમે સૌએ એ સાબિત કરી બતાવ્યું કે, **વિશ્વના શક્તિશાળી અને સંપન્ન દેશોની તુલનામાં ભારતવાસીઓની સામૂહિક તાકાત અને ક્ષમતા અભૂતપૂર્વ છે.**

તાલી-થાળી વગાડવી અને દીવા પ્રગટાવવાથી લઈને ભારતની સેનાઓ દ્વારા કોરોના વોરિયર્સનું સન્માન હોય,



જનતા કર્ફ્યુ કે દેશવ્યાપી લોકડાઉન દરમિયાન નિયમોનું નિષ્ઠાપૂર્વક પાલન હોય, દરેક વખતે તમે બતાવી દીધું કે, **એક ભારત જ શ્રેષ્ઠ ભારત**નું પ્રમાણ છે.

ચોક્કસપણે આટલા મોટા સંકટમાં કોઈ એવો દાવો ન કરી શકે કે કોઈને કોઈપણ પ્રકારની તકલીફ કે અસુવિધાઓ ન થઈ હોય. આપણા શ્રમિકો, પ્રવાસી શ્રમિક ભાઈઓ-બહેનો, નાના ઉદ્યોગોમાં કામ કરતા કારીગરો, રોડ ઉપર ધંધો કરતા ફેરિયાઓ, લારીગલ્લાવાળાઓ, દુકાનદાર ભાઈઓ-બહેનો અને નાના ધંધાર્થીઓ જેવા અનેક લોકોએ અસહ્ય સમસ્યાઓ વેઠી છે. તેમની સમસ્યાઓ દૂર કરવા સૌ સાથે મળીને કામ કરી રહ્યા છીએ.

પરંતુ **આપણે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જીવનમાં આવેલી સમસ્યા જીવનભરની આફતમાં ના બદલાઈ જાય.** આ સ્થિતિમાં, પ્રત્યેક ભારતીયોએ દરેક નીતિ-નિયમોનું પાલન કરવું ખૂબ આવશ્યક છે. જેમ અત્યાર સુધી આપણે ધીરજ અને સંયમ રાખ્યો છે, તેવી રીતે આગળ પણ રાખવાના જ છે. આજ એક મોટું કારણ છે કે જેનાથી આજે ભારત બીજા દેશોની તુલનામાં વધુ સ્વસ્થ સ્થિતિમાં છે. આ લડાઈ લાંબી છે, પરંતુ આપણે વિજયના પંથે ડગલાં માંડી ચૂક્યા છીએ અને વિજયી બનવું એ આપણા સૌનો સામૂહિક સંકલ્પ છે. હમણાં જ પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સામાં આવેલા 'અમ્ફાન' વાવાઝોડા દરમિયાન જે હિંમત સાથે ત્યાંના લોકોએ પરિસ્થિતિઓનો સામનો કર્યો, વાવાઝોડાથી થનારા નુકસાનને ઓછું કર્યું એ પણ આપણા સૌ માટે એક મોટી પ્રેરણા સમાન છે.

આ પરિસ્થિતિઓમાં આજે એ ચર્ચા પણ ખૂબ વ્યાપક રીતે થઈ રહી છે કે, દુનિયાભરના દેશોની અર્થવ્યવસ્થા કેવી રીતે સુધરશે? પરંતુ બીજી તરફ એ વિશ્વાસ પણ છે કે, ભારતે પોતાની એકતા દ્વારા કોરોના વિરુદ્ધની લડાઈમાં આખી દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી છે, એવી જ રીતે આર્થિક ક્ષેત્રે પણ આપણે નવો દાખલો બેસાડીશું. **૧૩૦ કરોડ ભારતીયો પોતાની તાકાતથી આર્થિક ક્ષેત્રે પણ વિશ્વને ચકિત જ નહીં, પણ પ્રેરિત પણ કરી શકે એમ છે.** આજે સમયની માંગ છે કે આપણે આપણા પગ ઉપર ઊભા થવું જ પડશે. આપણી તાકાતથી જ ચાલવું પડશે અને તે માટે એક જ રસ્તો છે. **આત્મનિર્ભર ભારત.** હમણાં તાજેતરમાં જ **'આત્મનિર્ભર ભારત અભિયાન'** માટે **૨૦ લાખ કરોડ રૂપિયાનું પેકેજ** આ દિશામાં ઉઠાવેલું એક મોટું પગલું છે.

આ અભિયાન પ્રત્યેક દેશવાસીઓ માટે, આપણા ખેડૂતો, આપણા શ્રમિકો, આપણા લઘુઉદ્યોગ સાહસિકો અને આપણા સ્ટાર્ટ અપ્સ સાથે જોડાયેલા નવયુવાનો, બધાં જ માટે નવી તકોનો યુગ લઈને આવશે. ભારતીયોના પરસેવાથી, મહેનતથી અને એમની પ્રતિભાથી તૈયાર થયેલ સ્વદેશી ઉત્પાદનો થકી ભારત આયાત બાબતે પોતાની નિર્ભરતા ઓછી કરશે અને આત્મનિર્ભરતા તરફ આગળ વધશે.

ગત છ વર્ષોની યાત્રામાં આપના આશીર્વાદ નિરંતર મારી સાથે રહ્યા છે, તમારો પ્રેમ વધ્યો છે. આપના આશીર્વાદની શક્તિથી જ, દેશ છેલ્લા એક વર્ષમાં ઐતિહાસિક નિર્ણયો અને વિકાસની અભૂતપૂર્વ ગતિ સાથે આગળ વધી રહ્યો છે, પરંતુ **મને ખબર છે કે હજી ઘણું બધું કરવાનું બાકી છે. દેશની સામે અનેક પડકારો છે, અનેક સમસ્યાઓ છે. હું રાત-દિવસ પ્રયત્નો કરી રહ્યો છું.** મારામાં ઊણપ હોઈ શકે પણ દેશમાં કોઈ ઊણપ નથી, અને એટલા માટે જ **મને મારા કરતાં વધારે વિશ્વાસ તમારામાં, તમારી શક્તિમાં અને તમારા સામર્થ્ય પર છે.**

તમારું સમર્થન, તમારા આશીર્વાદ અને તમારો સ્નેહ જ મારા સંકલ્પની ઊર્જા છે.

વૈશ્વિક મહામારીને કારણે આ **સંકટની પળ** તો છે જ, પરંતુ આપણે સૌ દેશવાસીઓ માટે **સંકલ્પનો સમય** પણ છે.

આપણે એ હંમેશા યાદ રાખવાનું છે કે, ૧૩૦ કરોડ ભારતીયોના વર્તમાન અને ભવિષ્યનો નિર્ણય કોઈ આપત્તિ કે સંકટ ન કરી શકે.

આપણું વર્તમાન અને ભવિષ્ય પણ આપણે જાતે જ નક્કી કરવાનું છે.

આપણે આગળ વધીશું, પ્રગતિ કરીશું અને વિજયી પણ બનીશું.

આપણે ત્યાં વેદોમાં કહ્યું છે કે -
'कृतम् मे दक्षिणे हस्ते, जयो मे सव्य आहितः ।'


અર્થાત્ **આપણા એક હાથમાં કર્મ અને કર્તવ્ય છે, તો બીજા હાથમાં સફળતા નિશ્ચિત છે.**

દેશની નિરંતર સફળતા માટેની કામના સાથે હું પુનઃ આપને નમન કરું છું.

આપને તથા આપના પરિવારને મારી હાર્દિક શુભકામનાઓ.

**સ્વસ્થ રહો, સુરક્ષિત રહો**
**જાગ્રત રહો, જાગ્રત રાખો**

તમારો પ્રધાન સેવક
**નરેન્દ્ર મોદી**



# શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે છ વર્ષમાં છ દાયકાની ખાઈ પૂરીને આત્મનિર્ભર ભારતનો બુલંદ પાયો નાખ્યો છે - શ્રી અમિતભાઈ શાહ



છેલ્લાં છ વર્ષમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સમર્થ નેતૃત્વમાં ભારતવર્ષની વિકાસયાત્રા અદ્ભુત, અકલ્પ નીય અને પ્રશંસનીય રહી છે. ૨૦૧૪ પહેલાંના કર્તવ્ય-પલાયન, નિષ્ક્રિયતા અને પોકળ વાયદાના પટારા પર મોદીજીના કાર્યકાળમાં જનમાનસે નેતૃત્વ, વિકાસ, સહયોગ અને આત્મબળના સહારે સમયથી પહેલાં જ લક્ષ્ય વેધવાનું સામર્થ્ય હાંસલ કરી લીધું છે. જયારે પણ દેશનો ઈતિહાસ ટાંકવામાં આવશે ત્યારે, મોદી સરકારના અત્યાર સુધીનાં છ વર્ષના કાર્યકાળનો સોનેરી અક્ષરોથી ઉલ્લેખ કરવામાં આવશે. આ પ્રકારે મોદી સરકાર ૨.૦ નું પહેલું વર્ષ પણ સમયના શિલાલેખ પર ભારતમાં ક્યારેય નાબૂદ ના થાય તેવા સદાકાળ પદચિહ્નોની કહાની છે, જેની કલ્પના કોઈએ ક્યારેય પણ નહોતી કરી. બેશકપણે મોદી સરકારે છ વર્ષમાં છ દાયકાની ખાઈ પૂરીને આત્મનિર્ભર ભારતનો બુલંદ પાયો નાખ્યો છે.

ભારતને ફ્રેઝાઈલ ફાઈવમાંથી વિશ્વના સૌથી અગ્રણી અર્થતંત્રોમાં સ્થાન અપાવવું. આતંકવાદના ઓછાયામાંથી દેશને બહાર લાવીને તેના વિરુદ્ધ નિર્ણાયક લડત આપવા માટે તૈયાર કરવો, સ્વચ્છતાના શિષ્ટાચારને દરેક ભારતવાસીના સંસ્કાર બનાવી દેવા, ખરા અર્થમાં ગામડાં, ગરીબો અને ખેડૂતોના કાયાકલ્પનો સંકલ્પ કરવો અને પડકારોને અવસરમાં પરિવર્તિત કરવાની નિપુણતા તો ભારતે મોદી સરકારના પહેલા કાર્યકાળમાં જ જોઈ લીધી હતી. બીજા કાર્યકાળના પહેલા વર્ષે દેશની જનતામાં તેમનાં સપનાં સાકાર થશે તેવો વિશ્વાસ જગાવી દીધો છે.

કંઈક કરી છૂટવાનો જુસ્સો અને હિંમત જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જેવા હોય તો પછી કંઈ જ અશક્ય નથી. ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકારે તેમના ચૂંટણી ઢંઢેરાના એક પછી એક વચનોને પાળી બતાવ્યાં છે, બાકી અત્યાર સુધી તો ચૂંટણી ઢંઢેરાને દેશની જનતા માત્ર એક જૂઠાણાનું પોટલું જ માનતી હતી, જે માત્ર કેટલાક પક્ષો દ્વારા જનતાને છેતરવા અને તેમને ભ્રમિત કરવા માટે લાવવામાં આવતું હતું. કેન્દ્ર સરકારે પોતાના સંકલ્પ પત્રમાં લોકશાહીમાં ઘોષણાપત્રના મહત્ત્વને સ્થાપિત તો કર્યું જ છે, સાથે સાથે લોકશાહીનાં મૂળિયાં પણ મજબૂત કર્યાં છે.

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને 35Aની નાબૂદી, શ્રી રામમંદિર નિર્માણનો માર્ગ મોકળો કરવો, મુસ્લિમ મહિલાઓને ત્રણ તલાકના અભિશાપમાંથી મુક્તિ અપાવવી અને નાગરિકતા સુધારા કાયદાના માધ્યમથી આઝાદીનાં ૭૦ વર્ષથી વંચિતોને તેમનો અધિકાર અપાવવા જેવા સંખ્યાબંધ સદાકાળ નિર્ણયોથી એક તરફ મોદી સરકારે આઝાદી પછીની ઐતિહાસિક ભૂલોને સુધારી છે તો સાથે સાથે બીજી તરફ વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના 'આયુષમાન ભારત' દ્વારા દેશના લગભગ ૫૦ કરોડ ગરીબોને સારવારના બોજમાંથી મુક્તિ અપાવી, કરોડો ગરીબ મહિલાઓનું ઉજ્જવલા યોજનાના માધ્યમથી સશક્તિકરણ, ખેડૂતોને વાર્ષિક રૂપિયા ૬,૦૦૦ ની આર્થિક કૃષિસહાય આપવી, દરેક ગરીબને રહેવા માટે આશરો અને દરેક વ્યક્તિને જન-ધન ખાતાના માધ્યમથી બેન્ક સુધી તેમની પહોંચ ઉપલબ્ધ કરાવવા જેવા સર્વસ્પર્શી નિર્ણયોના માધ્યમથી નવા ભારતનું નિર્માણ થઈ શક્યું છે. આ પ્રકારે, મોદી સરકાર સર્જન અને સુધારાના સમાંતર સમન્વયનું એક અદ્ભુત દૃષ્ટાંત બની ગઈ છે. ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે, રાજ્યસભામાં બહુમતી ના હોવા છતાં, તમામ મહત્ત્વપૂર્ણ ખરડા સંસદનાં બંને ગૃહોમાં પસાર થયા. આ સફળતા જ સ્પષ્ટપણે બતાવે છે કે, આપણી લોકશાહી કેટલી પરિપક્વ થઈ ગઈ છે.

ભ્રષ્ટાચાર અંગે મોદી સરકારના નિર્ણાયક પ્રહારોએ દેશમાં એક અલગ જ પ્રકારનો આત્મવિશ્વાસ જગાવ્યો છે. UAPA અને NIT અધિનિયમમાં સુધારો કરીને આતંકવાદ પર સકંજાને વધુ પ્રબળ કર્યો છે. ભારતની ગતિશીલ અને ઊર્જાવાન વિદેશનીતિ તેમજ સંરક્ષણનીતિએ દેશને અગ્ર હરોળમાં લાવી દીધો છે અને આપણા દેશ પ્રત્યે આખી દુનિયાના દૃષ્ટિકોણમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે.

મોદી સરકારની બીજી ટર્મના પ્રથમ વર્ષમાં એવી સંખ્યાબંધ પહેલ હાથ ધરવામાં આવી છે, જેનાથી વૈશ્વિક મંદી હોવા છતાં પણ ભારતના અર્થતંત્રને વેગ મળ્યો છે, જેમકે, નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં




FDI નો માર્ગ મોકળો કરવામાં આવ્યો, કોર્પોરેટ ટેક્સ ઘટાડવામાં આવ્યો, બૅન્કોનું વિલીનીકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો, NBFC લોન પર મોરેટોરિયમ, કંપની એક્ટમાં સુધારો, MSMEના વિકાસ માટે સરળતાથી ધિરાણની વ્યવસ્થા વગેરે કરવામાં આવ્યા છે. વર્ષોથી ખોરંભે પડેલી બ્રૂરિયાંગ શરણાર્થી સમસ્યા તેમજ બોડો સમસ્યાનો ઉકેલ પણ મોદી સરકારના ૨.૦ ના પહેલા વર્ષમાં જ આવી ગયો છે. દાયકાઓથી વિલંબમાં પડેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) પદનું સર્જન કરવાનો ઐતિહાસિક નિર્ણય પણ આ સમયમાં જ લેવામાં આવ્યો છે. RCEP નો વિરોધ કરીને દેશના ખેડૂતો તેમજ વ્યવસાયિકોનાં હિતોનું રક્ષણ કરવામાં આવ્યું છે જેનું મહત્ત્વ કોરોના વાઈરસના કિસ્સામાં ચીનની ભૂમિકાને ધ્યાનમાં રાખતાં પહેલાં કરતાં પણ વધી જાય છે. ડિફેન્સ ઇન્ડસ્ટ્રી કોરિડોર બનાવીને વિદેશી રોકાણ તો આકર્ષવામાં આવ્યું જ છે, સાથે સાથે તેનાથી લાખો કરોડના વિદેશી હૂંડિયામણની બચત પણ થઈ શકી છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ આ સિદ્ધાંત પર કામ કરતી મોદી સરકારે સામાજિક ઉત્કર્ષને પોતાનો મૂળ મંત્ર બનાવી દીધો છે. ખેડૂતો, શ્રમિકો અને નાના વ્યવસાયિકો માટે પેન્શન યોજના, જળશક્તિ મંત્રાલયની રચના, એક દેશ - એક રેશનકાર્ડ, પ્રધાનમંત્રી પાક વીમા યોજના, પાક માટે લઘુતમ ટેકાના ભાવ દોઢ ગણાથી પણ વધુ કરવાનો નિર્ણય, મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓના વિકાસની યોજના, ઉજ્જવલા અને સૌભાગ્ય યોજનાની સાથે સાથે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ખુલ્લામાં શૌચથી મુક્તિના આંદોલને સ્થાપિત કરી દીધું છે કે, ગરીબ કલ્યાણના સહારે પણ GDP વૃદ્ધિ હાંસલ કરી શકાય છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે સમસ્યાઓને પડકારના રૂપમાં માનીને તેને અવસરમાં પરિવર્તિત કરવાનું શીખી લીધું છે. મોદી સરકાર ૨.૦ નો ઉલ્લેખ કોરોના વિરુદ્ધ નિર્ણાયક લડાઈ વગર પૂરો ન થઈ શકે. નરેન્દ્ર મોદીના નિર્ણાયક નેતૃત્વએ દુનિયાને આ દિશામાં એક અલગ માર્ગ ચીંધ્યો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે કોરોના વાઈરસના ચેપને ફેલાતો રોકવા માટે લાગુ કરવામાં આવેલા લોકડાઉનથી અસરગ્રસ્ત લોકો, અર્થતંત્ર, રોજગારી, કૃષિ અને ઉદ્યોગો માટે રૂપિયા ૨૦ લાખ કરોડથી વધુ મૂલ્યનું વિશેષ આર્થિક પેકેજ જાહેર કરીને "આત્મનિર્ભર ભારત'ના નવા સૂરજનો ઉદય કર્યો છે. અત્યાર સુધીમાં લગભગ ૬૦ હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ વિવિધ યોજનાઓના માધ્યમથી માત્ર બે મહિનામાં જ ગરીબો, શ્રમિકો, ખેડૂતો, વિધવા, વૃદ્ધો અને દિવ્યાંગોનાં ખાતાંઓમાં જમા કરાવી દેવામાં આવી છે. ગરીબો માટે પાંચ મહિના સુધી વિનામૂલ્ય રેશનની વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ મનરેગા અંતર્ગત ૬૦ હજાર કરોડ રૂપિયાની અંદાજપત્રીય ફાળવણી કરવા ઉપરાંત ૪૦ હજાર કરોડ રૂપિયા નિર્ધારિત કરવામાં આવ્યા છે. તેમણે આના માધ્યમથી માત્ર સુદૃઢ 'ન્યૂ ઈન્ડિયા' નહીં બલકે 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને પણ સાકાર કરવાનો તખતો તૈયાર કરી દીધો છે. તેના માધ્યમથી ભારતના લલાટ પર નવનિર્માણનું સોનેરી ભવિષ્ય અંકિત કરવામાં આવશે.

છેલ્લા દોઢ મહિનામાં ભારત કેવી રીતે પડકારોમાંથી બહાર આવવા માટે સમર્થ છે તેમાં આત્મનિર્ભર ભારતની ઝલક પણ જોવા મળી જ છે. એપ્રિલની શરૂઆતમાં આપણે PPE કિટ્સ, વેન્ટિલેટર અને N-95 માસ્ક માટે સંપૂર્ણપણે આયાત પર નિર્ભર હતા જ્યારે આજે આપણે પોતે જ ખૂબ મોટાપાયે તેનું ઉત્પાદન કરી રહ્યા છીએ. આજે દેશમાં દરરોજ અંદાજે ૩.૨ લાખ PPE કિટ્સ (અત્યાર સુધીમાં ૧ કરોડ PPE કિટ્સનું ભારતમાં જ ઉત્પાદન થઈ ચૂક્યું છે) અને અઢી લાખ N-95 માસ્કનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. વેન્ટિલેટરનું સ્વદેશી વર્ઝન પણ બજારમૂલ્ય કરતાં ઘણા ઓછા ભાવે દેશમાં ઘણી સંસ્થાઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. દસ લાખથી વધુ કોરોના બેડ તૈયાર કરી દેવામાં આવ્યા છે અને આપણે રોજ દોઢ લાખ પરીક્ષણ કરવાની ક્ષમતા પણ હાંસલ કરી ચૂક્યા છીએ. સંકટના સમયમાં આપણે દુનિયાના ૫૫થી વધુ દેશોને આવશ્યક દવાઓ પૂરી પાડી છે, જેની પ્રશંસા દુનિયાભરના દેશોએ કરી છે. યોગ્ય સમયે લોકડાઉનનો અમલ કરવાથી ભારતમાં કોરોના વાઈરસના ફેલાવાને મહદ્અંશે નિયંત્રણમાં લેવામાં સફળતા મળી છે. કોરોના સંકટના સમયમાં દેશના અર્થતંત્રને સારી રીતે ચલાવવા માટે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વદેશી અને સ્વાવલંબનનો નારો આપીને દેશનો આત્મા જાગ્રત કર્યો છે. સાથે જ, 'લોકલ માટે વોકલ' કહીને સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની પણ હિમાયત કરી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આપણે સતત દરેક ક્ષેત્રમાં પ્રગતિની દિશામાં ડગલાં માંડી રહ્યા છીએ, જે ભારતને ખરા અર્થમાં આત્મનિર્ભર બનાવશે. તેમના સમર્થ નેતૃત્વમાં ભારત એક એવું રાષ્ટ્ર બનવાની દિશામાં પગલાં ભરી રહ્યું છે જ્યાં કોઈ શોષણ કરનાર નહીં હોય અને કોઈ શોષિત વર્ગ પણ નહીં હોય. ના કોઈ માલિક હશે અને ના કોઈ શ્રમિક હશે, જ્યાં ગરીબ અને તવંગર જેવા કોઈ તફાવતો નહીં હોય. સૌના માટે શિક્ષણ, રોજગારી, ચિકિત્સા અને ઉન્નતિની સમાન અને યોગ્ય તકો ઉપલબ્ધ હશે.



**શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર (૨.૦)નું પ્રથમ વર્ષ**

# આઝાદ ભારતના ઇતિહાસમાં ભારતીય વિચારધારાનો ઐતિહાસિક સદાકાળ શીલાલેખ

મહાભારતના શાંતિપર્વમાં એક શ્લોક છે - स्वं प्रियं तु परत्यज्य यद् यल्लोकहितं भवेत् - અર્થાત્ રાજાએ પોતાને ગમતું કાર્ય ન કરતાં જેમાં બધાનું હિત સમાયેલું હોય તે કાર્ય કરવું જોઈએ.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપા-નીત એનડીએ સરકારનાં એક વર્ષનાં કાર્યોનું મૂલ્યાંકન, તેમના સંકલ્પપત્રમાં કરવામાં આવેલા વાયદા સાથે કરતાં, મહાભારતમાં વર્ણવેલ ઉપરોક્ત શ્લોક અને તેનો ભાવાર્થ સહજ રીતે મનમાં ઊભરી આવે છે.

દેશનો ઈતિહાસ જ્યારે પણ લખવામાં આવશે, ત્યારે મોદી સરકારના અત્યાર સુધીના છ વર્ષનો કાર્યકાળ સ્વર્ણાક્ષરે આલેખવામાં આવશે. **ગત એક વર્ષમાં મોદી સરકારે જે કંઈ મોટા નિર્ણયો લીધા તેની ભારતના ઇતિહાસ અને રાજનીતિમાં હંમેશ માટે મોટી ઉપલબ્ધિ તરીકે નોંધ લેવાશે.**

**આત્મનિર્ભર ભારત પેકેજ :** પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના વાઈરસ સંક્રમણને રોકવા માટે લાગુ કરેલ લોકડાઉનથી પ્રભાવિત લોકો, અર્થવ્યવસ્થા, રોજગાર, કૃષિ અને ઉદ્યોગો માટે ૨૦૨૦માં ૨૦ લાખ કરોડ રૂપિયાથી વધુ આર્થિક પેકેજની ઘોષણા કરીને આત્મનિર્ભર ભારતના અભ્યુદયનો સૂરજ ઉગાડ્યો છે. દેશની કુલ જીડીપીના આ લગભગ ૧૦ ટકા છે.

કાશ્મીર વિશે અનેક પ્રકારની વાતો થતી હતી, પરંતુ જે નામુમકિન જેવું હતું, તે પાર પડીને રહ્યું - **૬ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ મોદી સરકારે પોતાના દ્વિતીય કાર્યકાળમાં બહુ મોટો નિર્ણય લેતાં જમ્મુ-કાશ્મીરમાંથી ધારા ૩૭૦ની જોગવાઈને નાબૂદ કરી અને કોંગ્રેસની ભૂલભરેલ રાજનીતિક ભૂલને સુધારી.**




**નાગરિકતા સંશોધન કાનૂન (સીએએ)** : જનતા સમક્ષ કરવામાં આવેલા વાયદાઓને જનતાનો આદેશ માની મોદી સરકારે નાગરિકતા સંશોધન કાયદો પણ સંસદમાં પાસ કરાવ્યો, જેની તરફેણ મહાત્મા ગાંધી અને પં. નહેરુથી લઈને દેશના તમામ દિગ્ગજોએ કરી હતી. આ અંતર્ગત પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં પ્રતાડનાના ભોગ બનેલા ભારતમાં રહેતા બૌદ્ધ, શીખ, જૈન, ઈસાઈ અને પારસી શરણાર્થીઓને ભારતની નાગરિકતા આપવાની જોગવાઈ પણ કરી.

**ત્રણ તલાક કાનૂન** : મોદી સરકારે પોતાના દ્વિતીય કાર્યકાળમાં સહુથી પહેલાં મુસ્લિમ મહિલાઓને ત્રણ તલાકમાંથી છુટકારો અપાવવાનું પગલું ભર્યું અને વર્ષોથી ચાલી આવતી ત્રણ તલાકની કુપ્રથાને નાબૂદ કરી.

**આતંકવાદ પર અંકુશ** રાખવા માટે યુએપીએ એક્ટ : ઘોષણાપત્રમાં કરવામાં આવેલા વાયદા અનુસાર આતંકવાદીઓ પર આકરા પ્રહાર કરવા માટે વિધિ વિરુદ્ધ ક્રિયાકલાપ નિવારણ સંશોધન વિષયક (યુએપીએ)ને મંજૂરી આપી અને તેને સંસદમાં પસાર કરાવ્યો.

રામમંદિરનો વાયદો : ભારતીય જનતા પાર્ટી શરૂઆતથી સંવિધાન સંમત તરીકાથી રામલલાના ભવ્ય મંદિર માટે પ્રયાસરત હતી, જ્યારે કોંગ્રેસ આમાં વારંવાર આડખીલીઓ ઊભી કરતી હતી. ૨૦૧૪માં સત્તા પર આવ્યા પછી અયોધ્યામાં રામમંદિર બનાવવાના મુદ્દે ઘણાં સ્તરોએ ચર્ચા થઈ. વર્ષો પછી **દેશની સર્વોચ્ચ અદાલતના પાંચ જજોની સંવૈધાનિક બેંચે સર્વસંમતિથી ભવ્ય રામમંદિરની તરફેણમાં નિર્ણય આપ્યો. આમ ૧૩૦ કરોડ ભારતીયોનું સ્વપ્ન સાકાર થયું.**

**કોરોના મેનેજમેન્ટ** : કોરોના સંકટના કાળમાં જ્યારે વિશ્વની મહાસત્તા ધરાવતા દેશોની હાલત નબળી થઈ ગઈ, ત્યારે ભારતે આર્થિક હાલતને ઘણી હદ સુધી કાબૂમાં રાખી. હિન્દુસ્તાન જેવા વિશાળ દેશમાં સત્તર દિવસ સુધી લોકડાઉનનું પાલન થાય છે તો એ સ્વયં એક ઉપલબ્ધિ છે. પ્રધાનમંત્રીના એક આહ્વાન પર આખો દેશ તેમની પાછળ ઊભો રહેલો દેખાયો અને લોકડાઉનને સફળ બનવવા માટે ખભાથી ખભો મિલાવીને લોકોએ પાલન કર્યું.



**ગરીબ સવર્ણો માટે ૧૦ ટકા આરક્ષણનું પ્રાવધાન :** કોઈ રાજકીય પક્ષમાં આરક્ષણને સ્પર્શ કરવાની પણ હિંમત નહોતી રહી, ત્યારે મોદી સરકારે ગરીબ લોકો માટે ૧૦ ટકા આરક્ષણની જોગવાઈ કરી. હવે નોકરીઓથી લઈને શિક્ષણ સંસ્થાનોમાં એડમિશન મેળવવા સુધી ગરીબ સવર્ણોને ૧૦ ટકા આરક્ષણનો લાભ મળવો શરૂ થઈ ગયો છે. જાન્યુઆરી ૨૦૧૯માં લેવામાં આવેલા નિર્ણયે મોદી સરકારના દ્વિતીય કાર્યકાળના રસ્તાને નિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા નિભાવી હતી.

## આત્મનિર્ભર ભારત પેકેજ

મોદી સરકારે ફૂડ સિક્યોરિટી અંતર્ગત દેશના લગભગ ૮૦ કરોડ લોકોને પાંચ મહિના સુધી ૨૫ કિલો ઘઉં-ચોખા અને ૫ કિલો દાળ વિના મૂલ્યે પહોંચાડવાનો પ્રબંધ કર્યો. એટલું જ નહીં, જેમની પાસે રેશનકાર્ડ નથી, તેમને પણ ૧૦ કિલો અનાજ અને ૨ કિલો દાળ વિનામૂલ્યે આપવામાં આવી રહી છે.

મહિલા જન-ધન ખાતાધારકોના એકાઉન્ટમાં ૫૦૦ રૂપિયાના હિસાબથી દરેક એકાઉન્ટમાં ૧૫૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. કિસાનોના એકાઉન્ટમાં ૨૦૦૦ રૂપિયાની સન્માન નિધિ અગ્રિમ ધોરણના રૂપે ટ્રાન્સફર કરવામાં આવી છે.

દેશના લગભગ ૮ કરોડ ઘરોમાં ત્રણ ગેસ સિલિન્ડર સરકાર દ્વારા વિનામૂલ્યે આપવામાં આવી રહ્યાં છે. દિવ્યાંગો અને વૃદ્ધોના ખાતામાં ૧,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવી છે. આ સિવાય લગભગ ૫૦ લાખ રેંકડી-ગલ્લાવાળા લોકોને દસ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની યોજના શરૂ કરવામાં આવી રહી છે.

કોરોના સંકટના દોરમાં પાટા પરથી ઊતરી ગયેલી ભારતીય અર્થવ્યવસ્તાને સુચારુ કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વદેશી અને સ્વાવલંબનનો નારો આપીને દેશને જાગ્રત કર્યો છે. સાથે જ **'લોકલ માટે વોકલ'** કહીને સ્થાનિક ઉદ્યમોની તરફેણ કરી છે.

મોદી સરકાર ગ્રામ આધારિત અર્થવ્યવસ્થા, કૃષિ ક્ષેત્ર તથા લઘુ કુટિર ઉદ્યોગોને અવસરના રૂપમાં પગભર કરવા માટે કટિબદ્ધ છે.



પાંચ કરોડ લોકોને ભોજનનાં ફૂડ પેકેટ પ્રાપ્ત કરાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. આની સામે પાર્ટીએ ૧૯.૨૮ કરોડ ફૂડ પેકેટ વહેંચ્યાં.

ભાજપાએ પાંચ કરોડ માસ્ક વહેંચવાનું લક્ષ્ય રાખ્યું હતું, તેને બદલે પાર્ટીએ ૫.૨ કરોડ માસ્ક વહેંચ્યાં.

આ સિવાય ભાજપાએ લગભગ ૪.૮૬ કરોડ રાશન કીટનું વિતરણ કર્યું છે. માર્ચમાં લોકડાઉનની ઘોષણા કર્યા બાદ ભાજપા અધ્યક્ષ જે. પી. નડ્ડાએ કાર્યકર્તાઓને પાંચ કરોડ જરૂરિયાતમંદોને ભોજનનાં પેકેટ પ્રાપ્ત કરાવવાનો નિર્દેશ કર્યો હતો.


કોવિડ-૧૯નું સંક્રમણ રોકવા માટે લાગુ કરેલ લોકડાઉનથી અસર પામેલા લોકોની મદદ માટે દેશભરના ઓછામાં ઓછા ૮.૨૩ લાખ પાર્ટી કાર્યકર્તા કામમાં જોડાયેલા છે.

૮.૨૩ લાખ કાર્યકર્તાઓએ જમીની સ્તર પર રાહત અભિયાનમાં ભાગ લીધો. કુલ ૯૦૭ સંગઠનાત્મક જિલ્લાઓના ૧૩૭૯૬ મંડલોમાં પાર્ટી લોકડાઉન દરમ્યાન સેવાકાર્યોનું સંચાલન કરી રહી છે. એ ખાસ બાબત છે કે કુલ ૪.૮ લાખથી વધુ કાર્યકર્તાઓએ બીમાર અને વૃદ્ધોની દેખભાળનું બીડું ઉઠાવ્યું છે. કોરોના વોરિયર્સને ધન્યવાદ આપવા માટે ભાજપાએ કુલ ૧૨.૮૭ લાખથી વધુ બૂથ પર 'થેંક્યુ કોરોના વોરિયર્સ' હસ્તાક્ષર અભિયાન ચલાવ્યું છે.

## સામાજિક ઉત્થાન માટે જરૂરી છે મોદી સરકારની આ યોજનાઓ - ખેડૂતો અને શ્રમિકોના જીવનસ્તરમાં થયેલો સુધારો

**પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના :** દરેક ૪ મહિને દેશના બધા જ ખેડૂતોના એકાઉન્ટમાં રૂ. ૨૦૦૦ની આર્થિક સહાયતાની રકમ.

**પ્રધાનમંત્રી કિસાન પેન્શન યોજના :** પ્રધાનમંત્રી પેન્શન યોજના અંતર્ગત, ખેડૂતો, આમવર્ગ અને ગરીબોને ૩૦૦૦ રૂપિયાનું માસિક પેન્શન આપવાની મંજૂરી આપવામાં આવી.



**પ્રધાનમંત્રી લઘુ વ્યાપારિક માનધન યોજના :** નાના દુકાનદારો, છૂટક વેપારીઓ અને પોતાનો વ્યવસાય કરનારાઓ માટે પેન્શન યોજનાની શરૂઆત.

**જળશક્તિ મંત્રાલય અને દરેક ઘેર જળયોજના :** સરકારની પ્રાથમિકતા દરેક ઘેર પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની છે. જળશક્તિ મંત્રાલય બનાવીને પ્રધાનમંત્રીએ જળની ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને જળસંચય પર અગ્રતા, ગંગાસફાઈ અભિયાનમાં વેગ તથા લોકો સુધી પીવાનું સ્વચ્છ પાણી ઉપલબ્ધ થાય તેના પર ધ્યાન આપવામાં આવ્યું.

દિલ્લીની અવૈધ કોલોનીઓને નિયમિત કરવાનો નિર્ણય - કેન્દ્ર સરકારે દિલ્લીની અનધિકૃત કોલોનીઓમાં રહેતા ૪૦ લાખ લોકોને ઘરના માલિકનો હક આપવાની ઘોષણા કરી.

**એક દેશ-એક રેશન કાર્ડ :** આ યોજનાને લાગુ કરવાનો મૂળ ઉદ્દેશ્ય એ છે કે દેશનો કોઈ પણ ગરીબ વ્યક્તિ સબસિડી આધારિત ખાદ્યપદાર્થોથી વંચિત ના રહે. આ યોજના અંતર્ગત પીડીએસના ૮૩ ટકા આબાદીવાળાં ૨૩ રાજ્યોમાં ૬૭ કરોડ લાભાર્થીઓને ઓગસ્ટ, ૨૦૨૦ સુધી રાષ્ટ્રીય પોર્ટેબિલિટી દ્વારા કવર કરવામાં આવશે. જોકે માર્ચ ૨૦૨૧ સુધી શત-પ્રતિશત રાષ્ટ્રીય પોર્ટેબિલિટી પ્રાપ્ત કરવામાં આવશે.

ગત એક વર્ષમાં મોદી સરકારે એવાં બે કામ પણ અગ્રતાક્રમે કર્યાં, જેનાથી સમાજને એક નવી દિશા મળી શકે. પહેલું કામ તો **બાળ યૌનશોષણ સંદર્ભમાં કડક કાયદો** બનાવવામાં આવ્યો અને બીજું કામ એ કે **દુર્ઘટનાઓને રોકવા માટે સડક સુરક્ષા ધારો** લાવવામાં આવ્યો.

સ્થગિત થઈ ગયેલી **આવાસ યોજના**ઓને પૂરી કરવા માટે **૨૫,૦૦૦ કરોડ રૂપિયા**નો વૈકલ્પિક નિવેશ કોષ (એઆઈએફ) બનાવવાની મંજૂરી. આ કોષથી ૪.૫૮ લાખ ઘરોની ૧,૬૦૦ આવાસીય યોજનાઓને ફાયદો થશે.

કેન્દ્ર સરકારે મનરેગા પર ૪૦ હજાર કરોડ રૂપિયા ઉપરાંત ખર્ચ કરવાનો નિર્ણય કર્યો છે, જેના લીધે ગ્રામીણ ક્ષેત્રોમાં રહેનારા પ્રવાસી મજદૂરો જ્યારે પોતાના ઘરે પાછા ફરશે ત્યારે તેમની પાસે કામની કમી નહીં રહે. ચોમાસાની ઋતુમાં પણ મનરેગા અંતર્ગત કામ આપવામાં આવશે.



પબ્લિક હેલ્થ લેબોરેટરીઓ ફક્ત જિલ્લા સ્તર પર જ નહીં, બલકે બ્લોક સ્તર પર પણ બનાવવામાં આવશે. ગામડાં, કસબાઓ અને શહેરી ઈલાકાઓમાં સંક્રમિક બીમારીઓનો ઈલાજ કરવા માટે ઈસ્પિતાલો બનશે. લેબોરેટરી અને તેની તકેદારીનું નેટવર્ક મજબૂત બનાવવામાં આવશે. આ કાર્યમાં આઈસીએમઆર પણ મદદ કરશે. સરકાર નેશનલ ડિજિટલ હેલ્થ મિશન લોન્ચ કરશે.

એનએસએપી અંતર્ગત પહેલી સહાય ૧,૪૦૫ કરોડ રૂપિયાની, બીજી સહાય ૧,૪૦૨ કરોડ રૂપિયાની કરવામાં આવી છે. ૩,૦૦૦ કરોડ રૂપિયાનો ટાર્ગેટ લગભગ પૂરો થયો છે.

પીએમ ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ૨૦ કરોડ મહિલાઓના જન-ધન ખાતામાં પૈસા જમા કરાવવામાં આવ્યા. કુલ ૧૦,૦૨૫ કરોડ રૂપિયા ખાતાંઓમાં જમા કરવામાં આવ્યા.


કન્સ્ટ્રક્શન વર્કર્સને ૩,૯૫૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. ૨.૨ કરોડ વર્કર્સને મદદ પહોંચી છે.

ઉજ્જ્વલા યોજના અંતર્ગત ૬.૮૧ કરોડ સિલિન્ડર વિનામૂલ્યે આપવામાં આવ્યાં છે.

શ્રમિકો માટે રેલયાત્રાનો ૮૫ ટકા ખર્ચ કેન્દ્ર સરકારે ભોગવ્યો. ભોજન પણ કેન્દ્ર સરકારે આપ્યું.

**સર્જિકલ સ્ટ્રાઇક અને એર સ્ટ્રાઇક** : આતંકવાદીઓનો ખાત્મો બોલાવ્યો, આતંકીઓ વિરુદ્ધ નક્કર કાર્યવાહી : આ મજબૂત ન્યૂ ઈન્ડિયા છે, જે પોતાના સૈનિકોના પરાક્રમ સાથે અડીખમ ઊભું છે, જ્યાં આતંકને સહન કરવામાં આવતો નથી. સૈનિકો માટે આધુનિક હથિયારો, બુલેટપ્રૂફ જેકેટ, જરૂરી દારૂગોળો અને નાઈટ વિઝન ડિવાઈઝોથી સેનાને મજબૂતી પ્રદાન કરાઈ. **વન રેન્ક વન પેન્શનની યોજના** અમલમાં મુકાઈ

ઈપીએફઓ યોજનાના ૧૨ લાખ લાભાર્થીઓ છે. ઈપીએફથી ૩,૬૬૦ કરોડ રૂપિયા મેળવવામાં આવ્યા છે.



સ્વસ્થ જીવન માટે સ્વસ્થ હૃદય જરૂરી છે. કાર્ડિયેક સ્ટેન્ટ પહેલાં રૂ. બે લાખમાં મળતું હતું, જ્યારે હવે રૂ. ૩૦,૦૦૦થી પણ ઓછી કિંમતમાં મળે છે. એવી જ રીતે પહેલાં રૂ. બે લાખમાં થનારું Knee Implant જે લગભગ રૂ. ૫૦,૦૦૦માં થઈ જાય છે

લગભગ ૫૦૦૦ જનઔષધિ સ્ટોર્સ પર બધા માટે સસ્તી દવાઓ ઉપલબ્ધ છે. અહીં ઘણી દવાઓ બજારભાવ કરતાં અડધાથી પણ ઓછા દરે મળે છે. Amrit ફાર્મસીમાં કેન્સર અને કાર્ડિયો વસ્ક્યુલર બીમારીઓની દવા સસ્તી થવાની સાથે સાથે કાર્ડિયેક ઈમ્પ્લાન્ટ પણ ૬૦થી ૯૦ ટકા સુધી સસ્તું થયું છે

નોટબંધીનું સહુથી મહત્ત્વપૂર્ણ ફળ એ મળ્યું કે તેણે ભ્રષ્ટાચારની બદી પર જોરદાર પ્રહાર કર્યો અને ઈમાનદારી અને ગૌરવને પ્રાધાન્ય આપ્યું. તેણે તેવા લોકોને સાણસામાં લીધા, જેઓ અટકળબાજીથી રિયલ એસ્ટેટમાં ભાવ વધારી રહ્યા હતા. આ પગલા પછી રિયલ એસ્ટેટમાં ભાવ ઘટી ગયા

૨.૫ લાખથી વધુ શેલ કંપનીઓ બંધ થઈ

વસ્તુ તથા સેવા-કર (GST)થી ભારતનું બજાર, એકીકૃત બજાર - એક ટેક્સ અર્થવ્યવસ્થા બન્યું

હાઈવે અને ગ્રામીણ સડક-નિર્માણ લગભગ બમણું, રોજના ૨૮ કિ.મી. રસ્તાઓ બનતા થયા

મોદી સરકારના ૬ વર્ષમાં ઓપરેશનલ એરપોર્ટની સંખ્યા ૬૫થી વધીને ૧૦૦ ઉપરાંત થઈ

૨ કરોડથી વધારે ઈ-રિક્ષાના માધ્યમથી યુવાઓને સન્માનજનક રોજગારી મળી

વર્ષ ૨૦૧૪ સુધી દેશમાં ૯૨,૦૦૦ કિ.મી. નેશનલ હાઈવે હતા, વર્ષ ૨૦૧૪થી ૨૦૨૦ સુધીમાં નવા ૧,૦૦,૦૦૦ કિ.મી. નેશનલ હાઈવે બનાવવાનું આયોજન



પહેલી સ્વદેશી સેમી-હાઈસ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસની શરૂઆત

**પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના :** રૂ. ૨ લાખનો દુર્ઘટના વીમો વાર્ષિક પ્રીમિયમ રૂ. ૧૨/-, દુર્ઘટનામાં કાયમી રૂપથી અપંગ થયેલા લોકો પણ આ યોજનામાં સામેલ, ૧૩.૯૮ કરોડ લોકો આરક્ષિત

**પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના :** રૂ. ૨ લાખનો જીવન વીમો, વાર્ષિક પ્રીમિયમ રૂ. ૩૩૦, ૧૮ વર્ષથી ૫૦ વર્ષ સુધીના બધા જ બેંક ખાતાધારકો માટે, ૫.૪૭ કરોડ લોકો આરક્ષિત


**મુદ્રા લોન :** પહેલાં અમીરો અને ઓળખાણ - સંપર્કવાળા લોકોને લોન આપવામાં આવતી હતી. વાસ્તવમાં જરૂરિયાત મહત્ત્વાકાંક્ષા ધરાવતા અને સખત પરિશ્રમ કરતા ગરીબોને મદદ પહોંચાડવાની છે. નાના ઉદ્યોગશીલોને મુદ્રા લોન આપવામાં આવી છે, જેમાં મોદી સરકારનો એવો વિશ્વાસ પ્રતીત થાય છે કે ગરીબ માણસો જ ભારતના વિકાસને ગતિ પ્રદાન કરશે.

**સ્વચ્છતાનો સંકલ્પ હવે દરેક ભારતીયની આદત :** જાહેર સ્થાનો પર ૧ કરોડ નવાં શૌચાલય બનાવાયાં, ૫.૫ લાખથી વધુ ગામડાં ખુલ્લામાં શૌચથી મુક્ત, એક આંતરરાષ્ટ્રીય અહેવાલ અનુસાર સ્વચ્છતાના કારણે લાખો જીવન બચી રહ્યાં છે.

**પ્રથમ વખત આર્થિક આધાર પર અનામત :** સામાન્ય વર્ગના લોકોને આર્થિક આધાર પર અનામત આપવાનો અભૂતપૂર્વ નિર્ણય, વિવિધ કોલેજો અને વિશ્વવિદ્યાલયોમાં બેઠકો વધશે જેથી યુવાઓને વધુ તક મળશે.

સરદાર સરોવર પરિયોજનાને જુદા જુદા મુકદમાના સમાધાનના માધ્યમથી પૂર્ણ કરવામાં આવી, જેના પરિણામે ગુજરાત અને રાજસ્થાનના દુષ્કાળ પ્રવણ ક્ષેત્રોમાં ૮ લાખ હેક્ટરને વધારાનો સિંચાઈ લાભ તથા લગભગ ૪ કરોડ લોકો માટે પેયજળ સુરક્ષા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના પ્રયત્ન અને કુનેહથી 'યુનાઈટેડ નેશન્સ' દ્વારા યોગને સ્વીકારી **'૨૧મી જૂન'**ને **'આંતરરાષ્ટ્રીય યોગદિવસ'** તરીકે ઊજવાય છે



**સિંધુ જલ સંધિ** અંતર્ગત જન સંસાધનો પર ભારતના અધિકારોનો ત્વરિત વિકાસ નક્કી કરવા માટે સવાલકોટ, કિરથઈ-II, કિરૂ ક્વાર, સચખાસ, શાહપુર કંડી અને ઉંઝ પરિયોજનાઓ સ્વીકૃત

કાવેરી જળપ્રબંધન પ્રાધિકરણ અને કાવેરી જળ વિનિયમન સમિતિના ગઠન પછી કાવેરી જળવિવાદ અધિકરણના નિર્ણયને લાગુ કરતાં લાંબા સમયથી ચાલી રહેલા **કાવેરી જળવિવાદની પતાવટ**

લાલબત્તી હટાવીને **વીઆઈપી કલ્ચર સમાપ્ત** કર્યું

અંદાજિત **૧૦,૦૦૦ કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિ**ના વિતરણથી ૪ કરોડથી વધુ વિદ્યાર્થી લાભાન્વિત.

અગાઉ **પાસપોર્ટ** બનાવવા માટે મહિનાઓ લાગતા, જે આજે દિવસોમાં વગર કોઈ વચેટિયાએ ઉપલબ્ધ થઈ રહ્યા છે.

**હજ સબસિડી બંધ** કરવામાં આવી અને બચેલા પૈસાનો ઉપયોગ શિક્ષણ માટે કરવાનું નિશ્ચિત કરાયું

વર્ષો જૂના **બાંગ્લાદેશ જમીન વિવાદનો કાયમી ઉકેલ** લાવવામાં આવ્યો

આતંકવાદ વિરુદ્ધની પાકિસ્તાન સામેની કાર્યવાહી મુદ્દે વિશ્વના મોટા ભાગના દેશો ભારતની તરફેણમાં રહ્યા

૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રમાં સરકાર બની તે પહેલાં દેશની પરિસ્થિતિ નિરાશાભરી અને યુવાવર્ગ હતાશ હતો. આવા સમયે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ અને તેમના દીર્ઘદૃષ્ટિવાળા નિર્ણયોના પરિણામે આજે ભારત દેશનો દુનિયામાં ડંકો વાગી રહ્યો છે અને વિશ્વના દેશો પણ માનવા લાગ્યા છે કે ૨૧મી સદી એ ભારતની સદી છે. સરકારે કરેલા મૂળભૂત ફેરફારોને પરિણામે આજે દેશ **'પોલિસી પેરાલિસિસ'**ના **યુગમાંથી 'પોલિસી ડ્રીવન' ડેવલપમેન્ટ યુગ**માં આવી ગયો છે.



દેશનું યુવાધન 'નોકરી શોધનાર'ની જગ્યાએ 'નોકરી આપનાર' બને તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. સરકારના દીર્ઘદૃષ્ટિવાળા નિર્ણયોને પરિણામે જ ૨૦૧૪માં ભારતની અર્થવ્યવસ્થા વિશ્વના ૧૧મા ક્રમાંકેથી આગળ વધીને ૨૦૧૯માં ફ્રાંસને પાછળ છોડીને ૬ નંબરની મોટી અર્થવ્યવસ્થા બની તેમજ ૨૦૨૦માં યુકેને પાછળ રાખીને **પાંચમા નંબરની વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા** બની.

૧૯૯૧માં ભારતમાં જે આર્થિક કટોકટી આવી તે સમયે ભારતનું **ફોરેક્સ રીઝર્વ** માત્ર ૧.૨ બિલિયન ડોલર હતું તે ભારતના ૨૧ દિવસના આયાત બિલને જ પૂરું કરી શકે તેમ હતું તેથી જ સરકારે તે સમયે ૪૬.૯૧ ટન સોનું બેંક ઓફ ઈંગ્લેન્ડ જોડે ગીરવે મૂકવું પડ્યું હતું. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતનું ફોરેક્સ રીઝર્વ ૪૮૭ બિલિયન ડોલર છે, જે ભારતના ૧૨ મહિનાના આયાતબિલને પૂરું કરી શકે તેમ છે.

## કાળાં નાણાંની નાબૂદી


સરકારે સત્તા સંભાળ્યા બાદ તરત જ કાળાં નાણાંને અંકુશમાં લાવવા તથા તેને અર્થવ્યવસ્થાના મૂળ પ્રવાહમાં લાવવા સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી, જેણે ૨૦૧૯ સુધીમાં **૯૦,૦૦૦ કરોડ જેટલું કાળું નાણું ઝડપી લીધું છે.**

સરકારે ઈન્કમ ડેક્લેરેશન સ્કીમમાં ટેક્સ અને નજીવો દંડ ભરી કાળાં નાણાંને મૂળ પ્રવાહમાં લાવવા માટે જાહેર જનતાને આવકારી અને ત્યાર બાદ નોટબંધી કરીને એક તીરે અનેક નિશાન સાધવામાં સરકારને સફળતા મળી અને તેના ફળસ્વરૂપે સરકારની સીધા વેરાની આવકમાં પણ વધારો આવ્યો, જેનો દેશના વિકાસ માટે ઉપયોગ કરીને દેશને પ્રગતિના માર્ગે આગળ ધપાવવામાં મદદ મળી.

વર્ષ ૨૦૧૪ના મે માસમાં દેશભરમાં કુલ **૩.૮૦ કરોડ કરદાતા** આવકવેરો ભરતા હતા જે સરકારના માળખાકીય સુધારાઓને પરિણામે વધીને **૮.૪૫ કરોડ** થયા છે.

## જન ધન યોજના

સરકારે દેશના ગરીબ અને છેવાડાના માણસને દેશના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે જનધન યોજના અંતર્ગત **૩૮.૭૩ કરોડ બેંક ખાતાં** ખોલવામાં આવ્યાં જેમાં સરકારની વિવિધ યોજનાની સહાય સીધી જ ખાતેદારના ખાતામાં આપવામાં આવે છે.



કોરોનાના કારણે ઊભી થયેલી પરિસ્થિતિમાં સરકાર દ્વારા ૧ લાખ ૭૦ હજાર કરોડનું પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજમાં મહિલા, ખેડૂત, દિવ્યાંગ, સિનિયર સિટીઝન વગેરેને આપેલી સીધી સહાય જનધન યોજનાના કારણે જ શક્ય બની.

પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર સહાય માટે એક રૂપિયો મોકલે છે તેમાંથી લાભાર્થીને ફક્ત પંદર પૈસા જ મળે છે. જ્યારે જનધન યોજનાના કારણે દરેક લાભાર્થીનું બેંક ખાતું હોવાથી સરકાર એક રૂપિયો મોકલે છે અને લાભાર્થીને પૂરો એક રૂપિયો મળે છે.

## ડિજિટલ ઇન્ડિયા

સરકારે કાળાં નાણાંનો વ્યાપ રોકવા અને કેશલેસ અર્થવ્યવસ્થા બનાવવાના ભાગરૂપે ડિજિટલ ઈન્ડિયા મૂવમેન્ટનો આરંભ કર્યો

જનધન ખાતાધારકોને Rupay ડેબિટ કાર્ડની ફાળવણી કરવામાં આવી તથા Bhim UPI એપ્લિકેશનનો બહોળો પ્રચાર અને પ્રસાર કરવામાં આવ્યો જેના પરિણામે વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં રૂપિયા ૪૧૧૬.૩૪ કરોડના ડિજિટલ વ્યવહારો થયા જે વર્ષ ૨૦૧૩-૧૪માં માત્ર ૨૨૦ કરોડ જેટલા હતા

## આધાર

૨૦૦૯માં આધારનો વિચાર લાવવામાં આવ્યો, પરંતુ તેનો અસરકારક અને વ્યાપક ઉપયોગ ૨૦૧૫થી કરવામાં આવ્યો. દરેક લાભાર્થીના બેંક ખાતાને આધારે લિંક કરી વિવિધ ૪૩૭ યોજનાની સબસિડીનો સીધો લાભ તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

આધાર હવે એક વ્યક્તિગત પુરાવા તરીકે મહત્ત્વનો આધાર બની ગયું છે. આવકવેરા રીટર્ન ભરવા તથા બીજી ઘણી બધી જગ્યાએ આધાર હવે પુરાવા તરીકે ફરજિયાત બની ગયું છે.

ભારતના લગભગ ૯૯% લોકોએ આધારકાર્ડ મેળવી લીધેલ છે. આમ આધાર કાર્ડ હવે એક રીતે તો ભારતના 'સોશિયલ સિક્યુરિટી કાર્ડ' જેવું જ બની ગયું છે.



## આવકવેરો

કરદાતાના યોગદાનની કદર કરીને સરકારે વ્યક્તિગત આવકવેરા માટે નવા વૈકલ્પિક કરમાળખાની જાહેરાત કરી છે.

મધ્યમવર્ગને રાહત થાય તે ઉદ્દેશથી આવકવેરાની મુક્તિમર્યાદા ૨.૫૦ લાખ કરવામાં આવી છે

પાંચ લાખની વાર્ષિક આવક ધરવતા હોય તેમને ૨ લાખ હાઉસિંગ લોનનું વ્યાજ, ૧.૫૦ લાખનાં ૮૦સીના રોકાણો તથા અન્ય રાહતો એમ મળીને આશરે કુલ ૯ લાખ સુધીની આવક ધરાવનારને કોઈ ટેક્સ ભરવાનો થતો નથી.

ટેક્ષ રેટમાં ઘટાડો અને ટેક્ષનેટમાં વધારો થવાથી છેલ્લાં ૬ વર્ષમાં ટેક્સ ટુ જીડીપી રેશિયોમાં ૨૦૦ બેસીસ પોઈન્ટનો વધારો થયેલ છે.

## ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જી.એસ.ટી.)


દેશના સૌથી મોટા ટેક્સના માળખાકીય સુધારાના તથા ભારતને વૈશ્વિક અર્થવ્યવસ્થા બનાવવાના ભાગરૂપે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા વસૂલવામાં આવતા વિવિધ પ્રકારના ૨૬ વેરા અને સેસને નાબૂદ કરી જી.એસ.ટી. એક્ટ નામનો 'એક દેશ, એક ટેક્સ'ના મથાળા હેઠળ ૧-૭-૨૦૧૭થી લાગુ કરવામાં આવ્યો

તેમાં વખતોવખત જરૂરી વહીવટી સુધારા કરવામાં આવ્યા. શરૂઆતમાં લાગુ કરવામાં આવેલા ટેક્સના દરમાં પણ જરૂરિયાત પ્રમાણે ઘટાડો કરવામાં આવ્યો છે.

જી.એસ.ટી.ના સફળ અમલીકરણને લીધે વેપાર-ધંધામાં સુગમતા તથા આર્થિક ગતિવિધિ તેજ બની તથા વહીવટી સરલીકરણ થયું.

## બેંક મર્જર

સરકાર દ્વારા ૨૭ જેટલી પબ્લિક સેક્ટર બેંકોનું મર્જર કરી ૧૨ જેટલી બેંકો કરવામાં આવી.



મર્જર થતાં બેંકોને ઊંચું રેટીંગ મેળવવામાં સરળતા રહેશે. વૈશ્વિક સ્પર્ધામાં ઊભી રહી શકે

બેંકોનો કેપિટલ બેઝ મોટો થતાં મોટી લોન આપવામાં સરળતા રહે - ટેકનોલોજી અપગ્રેડ કરવામાં સરળતા રહે, સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસેસ એક સરખો રહે તથા ઘણા બધા વર્કીંગ કેપિટલના ખર્ચામાં ઘટાડો આવશે

મર્જર પછી SBIનું કદ વધીને ૫૨ લાખ કરોડ, બીઓબીનું કદ ૧૬.૧૩ લાખ કરોડ અને પંજાબ નેશનલ બેંકનું કદ વધીને ૧૭.૯૪ લાખ કરોડ થયું.

## કોર્પોરેટ ટેક્ષ

સરકાર દ્વારા વિદેશી કંપનીઓ ભારતમાં રોકાણ કરે તથા ભારતમાં મોટા પાયે રોજગારીનું સર્જન થાય તે માટે કોર્પોરેટ ટેક્સમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડાથી ભારતનો કોર્પોરેટ ટેક્ષ સાઉથ એશિયન દેશો તથા વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં ઘણો આકર્ષક થઈ ગયો

હવે નવી મેન્યુફેક્ચરીંગ કંપની માટે માત્ર ૧૫% ટેક્ષ તથા જે કંપનીઓ હાલમાં ભારતમાં ચાલુ છે તેના માટે પણ ટેક્ષ ૩૦%થી ઘટાડીને ૨૨% કરવામાં આવ્યો. સાથે સાથે સરકારે મેટમાં પણ ઘટાડો કરીને ૧૮.૫% થી ૧૫% કરવામાં આવ્યું છે

કોર્પોરેટ ટેક્ષ ઘટતાં મોટા પ્રમાણમાં રોકાણ આકર્ષિત થશે, કંપનીઓનો કેશ ફ્લો વધતાં કંપની પોતાનું રોકાણ પણ વધારશે તથા કેશફ્લો વધતા તેમની વર્કિંગ કેપિટલની જરૂરિયાત પણ ઘટશે.

ઉપરોક્ત પગલાં સિવાય પણ સરકારે વહીવટી અનુકૂળતા માટે વર્ષોથી બિનજરૂરી કે બિનઅસરકારક કાયદાઓ જેમાં આવક કરતાં વહીવટી ખર્ચ વધારે થતો હોય તેવા લગભગ ૧૨૦૦ જેટલા કાયદાને નાબૂદ કરી નાખવામાં આવ્યા.

સરકાર દ્વારા કરવામાં આવેલા આર્થિક સુધારાના પરિણામે વિદેશી સંસ્થાઓએ અન્ય વિકાસશીલ દેશોની તુલનામાં ભારતમાં સીધું મૂડીરોકાણ ૨૦૧૪-૨૦૧૯ સુધીમાં ૨૮૪ બિલિયન ડોલર મેળવ્યું, જેના પરિણામે યુવાવર્ગ માટે રોજગારીની નવી તકો ઊભી થઈ



ભારતની માથાદીઠ આવક જે વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં ૧૪૫૨ યુએસ ડોલર હતી તે વધીને ૨૦૨૦ યુ.એસ. ડોલર ૨૦૧૮-૨૦૧૯માં પહોંચી. ભારતની અર્થવ્યવસ્થામાં મોંઘવારીનું સ્તર ૨૦૧૪થી ૨૦૧૯ના ગાળામાં સૌથી ઓછું ૪.૨૧% રહ્યું

ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસમાં પણ ભારત ૨૦૧૪માં ૧૪૨મા ક્રમે હતું તેમાંથી ૬૩મા ક્રમ ઉપર આવી ગયું. ૨૦૧૯માં ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષમાં ભારત ૫૨મા ક્રમે આવ્યું

ઈનસોલવન્સી અને બેંકરપ્સી કાયદો આવવાથી ડિફોલ્ટરો ઘૂંટણિયે આવી ગયા તથા ઈન્કમટેક્ષ એસેસમેન્ટ ફેસલેસ શરૂ કરવામાં આવ્યું


દેશની અર્થવ્યવસ્થાનું કદ ૫ ટ્રિલિયનના સીમાચિહ્ન સુધી પહોંચાડવા માટે સરકારે ઘરેલું તેમજ વિદેશી રોકાણને બળ મળે, માંગ તથા વપરાશમાં વધારો થાય જેના માટે વિવિધ પગલાં લીધેલાં છે

ફીચ જેવી રેટીંગ એજન્સીના મત અનુસાર ભારત ૨૦૨૧-૨૦૨૨માં ૯.૫%નો ગ્રોથ મેળવી ફાસ્ટેસ ગ્રોવીંગ ઈકોનોમી બનશે.

વડાપ્રધાને રિજનલ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશીપ (આરસીઈપી)માં નહીં જોડાઈને ભારતીય હિતોનું રક્ષણ કર્યું છે. આ ઉપરાંત આત્મનિર્ભરતામાં વધારો કરવાના ઉદ્દેશથી ૮૯ ચીજવસ્તુઓ પર આયાતવેરો વધાર્યો અને ૧૩ ચીજવસ્તુની આયાત પર પ્રતિબંધ લગાવ્યો છે.

મોદી સરકારે બીજા કાર્યકાળમાં એન્જલ ટેક્સ, બેંક રિકેપિટલાઈઝેશન અને આવકવેરા વિભાગની નોટિસના મામલે પણ રાહત જાહેર કરી છે. કરવેરા વિભાગમાં ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ દ્વારા પારદર્શકતા લાવ્યા છે.

નબળી માંગનો સામનો કરી રહેલા રિયલ એસ્ટેટ અને ઓટોમોબાઈલ સેક્ટરને રાહત આપવા પણ પગલાં લીધાં છે. બીજા કાર્યકાળના પ્રથમ વર્ષમાં મોદી સરકારે કંપનીઝ એક્ટ તથા અનરેગ્યુલેટેડ ડિપોઝિટ કાયદો સહિતનાં અનેક પગલાં લીધાં છે.



આત્મનિર્ભર ભારત એ માત્ર આર્થિક વિચાર નથી પરંતુ વિકાસ, સંપત્તિ સર્જન, કલ્યાણકારી યોજનાઓ, ગુણવત્તાવાળા અને સાહસિક જીવન માટેનો એક મજબૂત વિચાર છે

વૈશ્વિક વેપારમાં ભારતનો ડંકો વાગી શકે તે માટે ૨૦.૯૭ લાખ કરોડનું મેગા સ્ટીમ્યુલસ પેકેજ જાહેર કર્યું છે, જે દેશના GDPના ૧૦.૪૮% જેટલું થાય છે. સાથે સાથે સરકાર દ્વારા કેટલાક ઈકોનોમિક અને વહીવટી રીફોર્મ પણ લાવવામાં આવ્યા છે

ભૂતકાળમાં ક્યારેય ના થઈ હોય તેવી વૈશ્વિક આર્થિક કટોકટીમાં પણ IMF દ્વારા વિશ્વના અલગ અલગ દેશોના ૨૦૨૦ માટેના GDPનું અનુમાન લગાવવામાં આવ્યું છે, જેમાં માત્ર ભારત અને ચાઈના માટે જ પોઝિટિવ ગ્રોથનું અનુમાન કરેલું છે

વર્લ્ડ બેંક અનુસાર વિશ્વનો આર્થિક ગ્રોથ પાછલાં ૫૦ વર્ષનો રેકોર્ડ તોડશે તથા સ્ટાન્ડર્ડ એન્ડ પુઅરના મત અનુસાર આ એક Global Meltdown છે, પરંતુ સરકારના અથાગ પ્રયત્નોથી આપણા દેશને આની મોટા પ્રમાણમાં અસર થશે નહીં અને ભારત ખૂબ જ ઝડપથી ફરી વખત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બનશે

એક તરફ નાણામંત્રી દ્વારા સૂક્ષ્મ ઉદ્યોગ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની વ્યાખ્યામાં સુધારા કર્યા છે તેનાથી દેશના એમએસએમઈ ક્ષેત્રમાં ખૂબ જ ઉત્સાહ છે. બીજી તરફ સરકારે એમએસએમઈને પ્રાથમિકતા આપતા ૨૦૦ કરોડ સુધીના ગ્લોબલ ટેન્ડર્સને અમાન્ય કર્યા છે

આ પગલાથી MSMEનું વિદેશી કંપનીની સીધી સ્પર્ધાથી બચાવવાનો તથા નાના એકમો પણ સરકારી ખરીદીના ટેન્ડરોમાં ભાગ લઈ શકે તે હેતુ છે

એમએસએમઈને આવનારા ૪૫ દિવસમાં તમામ બાકીના પેમેન્ટ કરી દેવાની જાહેરાત પણ કરવામાં આવી છે, જેનાથી તેમની વર્કિંગ કેપિટલની ચિંતા દૂર થશે

સાથે સાથે MSME માટે ૩ લાખ કરોડની ગેરંટી વગરની લોન ઉપલબ્ધ કરાવી છે. આ લોનની મુદત ચાર વર્ષની રહેશે તથા મુદલ (Principal) રકમ ચૂકવવા માટે ૧૨ મહિનાનો મોરેટોરીયમ ગાળો રહેશે



સરકારે પગારદાર તથા નોન રેસિડેન્ટ કરદાતા સિવાયના કરદાતા માટે ટીડીએસ અને ટીસીએસના દરમાં પણ ૨૫ ટકાનો ઘટાડો કર્યો છે. આ પગલાથી કમિશન, ડિવિડન્ડ, વ્યાજ, દલાલીની આવકથી કોન્ટ્રાક્ટરો તથા પ્રોફેશનલ્સને ફાયદો થશે

૧૪ મે ૨૦૨૦થી ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી આ ઘટાડેલા દરનો લાભ મળશે. વધારે લિક્વિડિટી લોકોના હાથમાં રહે તે માટે પીએફનું કોન્ટ્રિબ્યુશન એમ્પ્લોયર તથા એમ્પ્લોયી આ બંને માટે હાલના ૧૨%થી ઘટાડીને ૧૦% કરવામાં આવ્યું છે, જે ઓગસ્ટ ૨૦૨૦ સુધી અમલમાં રહેશે


જેના કારણે વધારાની ૬૭૫૦ કરોડની લિક્વિડિટી બજારમાં આવશે. આ મદદ એવી કંપનીને મળશે કે જેમાં ૧૦૦થી ઓછા કર્મચારી હોય તથા ૯૦% કર્મચારીનો પગાર ૧૫,૦૦૦ કરતાં ઓછો હોય. સરકારી ક્ષેત્રના ઉદ્યોગ તથા રાજ્ય સરકારની નીચે આવતા PSU એ એમ્પ્લોયર ફાળો ૧૨% જ આપશે

દેશના લોકોને તથા એમસએસએમઈને લોન સસ્તા વ્યાજે મળી રહે તે માટે રીઝર્વ બેંક દ્વારા મોટા પ્રમાણમાં રેટ કટ કરવામાં આવ્યો છે. રેપોરેટમાં છેલ્લા ૨ મહિનામાં જ ૧૧૫ બેઝીસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો છે

જેના કારણે હાલમાં રેપોરેટ પાછલા ૨૦ વર્ષના ન્યૂનતમ સ્તર પર છે. રેપોરેટમાં ઘટાડો થતાં નાગરિકોને નવી લોન ઓછા વ્યાજે મળશે તથા જૂની ચાલતી આવતી લોન જો ફ્લોટિંગ રેટવાળી હશે તો તેમાં પણ ઈએમઆઈ ઘટશે અથવા તો લોનના સમયગાળામાં ઘટાડો થશે

લોનના ઈએમઆઈની રકમ ઘટવાથી લોકોના હાથમાં ડિસ્પોસેબલ ઈન્કમ (ખર્ચ કરવા માટેની આવક) વધશે જેથી નાગરિકોની ખરીદશક્તિ વધશે, તેનાથી તેમની વપરાશ (Consumption)માં વધારો થશે તથા વપરાશ વધતાં GDPમાં વધારો થશે. આમ માંગ વધતાં પુરવઠામાં પણ વધારો થશે અને દેશના અર્થતંત્રનું ચક્ર ઝડપથી ફરતું થશે

સરકાર દ્વારા ખનીજ સેક્ટરમાં પ્રાઈવેટ મૂડીરોકાણની મંજૂરી આપી છે. આ પગલાથી ભારતની ટ્રેડ ડેફિસીટમાં 206n$નો ઘટાડો થશે



ખનીજની આયાત કરવાથી ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા તથા દુબઈમાં જે નોકરીની તકો ઊભી થતી હતી તે ઝારખંડ, ઓરિસ્સા અને છત્તીસગઢમાં ઊભી થશે. આમ ખનીજક્ષેત્ર માટે આ પગલું લાંબાગાળે અત્યંત લાભદાયી સાબિત થશે

કેન્દ્ર સરકારના ૨૦ લાખ કરોડના પેકેજમાં કામદારો, નાના વેપારીઓ, દેશની કુલ રોજગારીની ૪૪% રોજગારી આપતા કૃષિ અને પશુપાલન ક્ષેત્ર માટે પણ મોટી જોગવાઈ કરવામાં આવી છે

નાના ખેડૂતો માટે સરકાર ૩૦,૦૦૦ કરોડનું વધારાનું ઈમરજન્સી ફંડ નાબાર્ડના માધ્યમથી ઊભું કરશે, જે ખેડૂતો માટે રવિ તથા ખરીફ પાક વખતે ઉપયોગમાં લેવાશે. સરકારે એસેન્સિયલ કોમોડિટીઝ એક્ટમાં પણ સુધારો કર્યો છે

જેથી ખેડૂતો સારા ભાવ મેળવી શકશે. ખેડૂતોને હવે રજિસ્ટર્ડ એપીએમસીમાં જ વેચાણ કરવું ફરજિયાત નહીં હોય તેથી ખેડૂતે કોને વેચવું, ક્યારે વેચવું, કેટલું વેચવું અને ક્યાં વેચવું આ તમામ બાબત હવે ખેડૂત પોતે નક્કી કરી શકશે

સમગ્ર દેશના માર્કેટ યાર્ડોને એક ઈ-નામ પોર્ટલ પર જોડવાથી દેશના દરેક ખૂણામાં કઈ વસ્તુનો કયો ભાવ છે તે જાણી શકાશે અને તે મુજબ માલ વેચી શકાશે.



**ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાની વિશેષ ઉપસ્થિતિમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉત્તર ઝોન, મધ્ય ઝોન, સૌરાષ્ટ્ર ઝોન અને દક્ષિણ ઝોનના અપેક્ષિત શ્રેણીના હોદ્દેદારશ્રીઓ સાથે બેઠક યોજાઈ**




## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં દેશની કેન્દ્ર સરકાર સામાન્ય જનતાની આશા આકાંક્ષાઓને પૂર્ણ કરવાની કટિબદ્ધતા સાથે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને સિદ્ધ કરવા માટે અવિરતપણે કાર્યરત છે - શ્રી જીતુભાઈ વાઘાણી




આ બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રીઓ, પ્રદેશ હોદ્દેદારોશ્રીઓ, જિલ્લા - મહાનગરના પ્રભારી - પ્રમુખ - મહામંત્રીશ્રીઓ, ઝોનમાં આવતા સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, બોર્ડ નિગમના ચેરમેન-વાઈસ ચેરમેનશ્રીઓ, મીડિયા તેમજ આઈ. ટી. અને સોશિયલ મીડિયા વિભાગના ઝોન ઈન્ચાર્જ અને પ્રભારીશ્રીઓ જોડાયા હતા.

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં દેશની કેન્દ્ર સરકાર સામાન્ય જનતાની આશા-આકાંક્ષાઓ પૂર્ણ કરવાની કટિબદ્ધતા સાથે, દેશની એકતા અખંડિતતા, સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, ખેડૂતો, મહિલાઓ યુવાનોના હક્કોનું રક્ષણ કરવા માટે, દેશ વિકાસના નવા આયામો અસર કરે તે માટે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને સિદ્ધ કરવા માટે અવિરતપણે કાર્યરત છે.

તેમણે જણાવ્યું હતું કે, 'મોદી સરકાર'ના બીજા કાર્યકાળના પ્રથમ વર્ષમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિ દાખવી તીન તલાક નાબૂદી, કાશ્મીરમાંથી કલમ ૩૭૦નું નિર્મૂલન, પીડિત શરણાર્થીઓ માટે નાગરિકતા સંશોધન કાયદો જેવા ઐતિહાસિક નિર્ણય લીધા છે. બીજા કાર્યકાળના પ્રથમ વર્ષમાં





## ગુજરાત સહિત દેશના લાખો કાર્યકર્તાઓએ જરૂરિયાતમંદોને ભોજન, રાશન, માસ્ક, સેનિટાઈઝરનું વિતરણ તેમજ જનજાગૃતિનું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે તે પ્રશંસાને પાત્ર છે - શ્રી વી. સતીશજી

રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીશજીએ ‘મોદી સરકાર’ના બીજા કાર્યકાળમાં પ્રથમ વર્ષમાં થયેલાં કાર્યો અંગે છણાવટ કરીને વીડિયો કોન્ફરન્સ દ્વારા જોડાયેલા સૌ આગેવાનશ્રીઓને માહિતગાર કર્યા હતા અને વિવિધ માધ્યમો થકી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલાં કાર્યોને મહત્તમ નાગરિકો સુધી પહોંચાડવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરક નેતૃત્વ તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડાજીના આહ્વાનથી ગુજરાત સહિત દેશના લાખો કાર્યકર્તાઓએ જરૂરિયાતમંદોને ભોજન,રાશન, માસ્ક, સેનિટાઈઝરનું વિતરણ તેમજ જનજાગૃતિનું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે તે પ્રશંસાને પાત્ર છે.



## ભાજપા દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની જનતા જોગ લખેલો પત્ર બે-બે કાર્યકરોની ટુકડી દ્વારા ઘરે ઘરે પહોંચાડવામાં આવશે, સોશિયલ ડિસ્ટન્સ સાથે માસ્ક-ફેસ કવર તથા સેનેટાઈઝરનું વિતરણ તેમજ વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ પર વર્ચ્યુઅલ રેલી મારફતે વિવિધ પ્રકારની પ્રજાકીય યોજનાઓની માહિતી દરેક વર્ગ સુધી પહોંચાડાઈ રહી છે - શ્રી ભીખુભાઈ દલસાણિયા

પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ ‘મોદી સરકાર’ના બીજા કાર્યકાળની પ્રથમ વર્ષની ઉપલબ્ધિઓ તેમજ વિવિધ પ્રકારની યોજનાઓની સમાજના દરેક વર્ગ સુધી માહિતી પહોંચાડવા તેમજ સરકાર દ્વારા કોરોના મહામારીમાં લેવાયેલ નિર્ણાયક પગલાં વિશે જનતાને વિવિધ માધ્યમો થકી અવગત કરાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની જનતા જોગ લખેલો પત્ર ફક્ત બે-બે કાર્યકરોની ટુકડી દ્વારા કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક-ફેસ કવર તેમજ અન્ય સ્વાસ્થ્ય સંબંધી સાવચેતીઓ સાથે વિતરિત કરી તેમજ વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ પર તેમજ વર્ચ્યુઅલ રેલી મારફતે જનસંપર્ક કરવામાં આવી રહ્યો છે.

લેવાયેલા આ ઐતિહાસિક નિર્ણય ઈતિહાસનાં પાનાંઓમાં સુવર્ણઅક્ષરે કંડારાશે.

તેમણે જણાવ્યું હતું કે, વૈશ્વિક મહામારી કોરોનાનો ભોગ સમગ્ર વિશ્વ બન્યું છે. સંકટની અતિસંવેદનશીલ ઘડીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમયસર અસરકારક પગલાં લીધા છે જેની દુનિયાના અનેક દેશો અને સંસ્થાઓએ નોંધ લઈ સરાહના કરી છે. ગરીબ કલ્યાણ હેતુ, ઉદ્યોગ વ્યાપાર માટે કોરોના મહામારીના સમયમાં વિવિધ સહાયો અર્થે વિવિધ નીતિગત ફેરફારો સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલું રૂપિયા ૨૦ લાખ કરોડનું ઐતિહાસિક આર્થિક પેકેજ ‘આત્મનિર્ભર ભારત’ તરફનું મહત્ત્વપૂર્ણ પગલું છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર પણ કોરોના સામેની લડાઈમાં શ્રેણીબદ્ધ પગલાં સાથે રાજ્યના નાગરિકોના આરોગ્યની ચિંતા કરી રહી છે. ભાજપાના સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ સહિતના આગેવાનો તેમજ વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓએ સંકટના સમયમાં જરૂરિયાતમંદોની ખડેપગે રહી સેવા કરી છે તે બદલ સૌને અભિનંદન પાઠવું છું.

•

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev



# રૂપિયા ૧૪,૦૦૦ કરોડનું વિરાટકાય ‘આત્મનિર્ભર ગુજરાત પેકેજ’ જાહેર કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી



**૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર સુધીનો ૬ મહિનાનો રોડ ટેક્સ માફ: અનેક જાહેરાતો**

**૨૦૦ યુનિટ વીજળીનો વપરાશ કરતા ગ્રાહકોને બિલમાં ૧૦૦ યુનિટનું બિલ માફ**

**કમર્શિયલ વીજ કનેક્શન ધરાવતા ૩૩ લાખ ગ્રાહકોનો સર્વિસ ચાર્જ માફ**

**પ્રોપર્ટી ટેક્સમાં વાણિજ્ય એકમોને સપ્ટેમ્બર સુધી ૨૦%ની રાહત**

**૩૧ જુલાઈ સુધી ટેક્સ ભરનારને વધુ ૧૦% ડિસ્કાઉન્ટ**

**લક્ઝરી બસો, ટેક્સી, કમર્શિયલ વાહનો વગેરેને**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત માટે રૂપિયા ૧૪,૦૦૦ કરોડનું વિરાટકાય ‘આત્મનિર્ભર ગુજરાત પેકેજ’ જાહેર કર્યું છે. કોરોના કાળમાં લોકોને આર્થિક માર ઓછો પડે એ માટે ૨૦૦ યુનિટ વીજળીનો વપરાશ કરતા ગ્રાહકોને બિલમાં ૧૦૦ યુનિટનું બિલ માફ કરાયું છે જ્યારે કમર્શિયલ વીજ કનેક્શન ધરાવતા ૩૩ લાખ ગ્રાહકોનો સર્વિસ ચાર્જ માફ કરવામાં આવ્યો છે. પ્રોપર્ટી ટેક્સમાં વાણિજ્ય એકમોને સપ્ટેમ્બર સુધી ૨૦%ની રાહત, ૩૧ જુલાઈ સુધી ટેક્સ ભરનારને વધુ ૧૦% ડિસ્કાઉન્ટની ઘોષણા થઈ છે. લક્ઝરી બસો, ટેક્સી, કમર્શિયલ વાહનો વગેરેને ૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર સુધીનો ૬ મહિનાનો રોડ ટેક્સ માફ કરાયો છે.

ઉદ્યોગોને રાહત આપવા GIDCને ૪૬૦ કરોડ ફાળવવામાં આવ્યા છે જ્યારે ઉદ્યોગકારોને ૭૬૮ કરોડની પેન્ડિંગ સબસિડી એક મહિનામાં ચૂકવી દેવાશે. સૌથી વધુ રોજગાર આપતા બાંધકામ ક્ષેત્રને વેગ આપવા દોઢ લાખ એફોર્ડેબલ ઘર બનાવવા સરકાર એક હજાર કરોડ આપશે. ટેકસટાઈલ ઉદ્યોગને ૪૫૦ કરોડની સહાય અપાશે, GSTના ૧૨૦૦ કરોડના પડતર રિફંડ એક મહિનામાં જ ચૂકવી આપવાની મુખ્યમંત્રીએ ખાતરી આપી છે. ખેડૂતોને અનાજ સંગ્રહ માટે ખેતરમાં ગોડાઉન બનાવવા ૩૫ હજાર મળશે જ્યારે આદિવાસી શ્રમિકોને પોતાનાં વતનમાં પાક્કું ઘર બાંધવા ૩૫ હજારની સહાય મળશે. એક લાખની બદલે હવે અઢી લાખ સુધીની લોન વેપારીઓને મળી શકશે, જેનાં માટે વ્યાજદર વાર્ષિક ૪% રહેશે. મહિલા ઉત્કર્ષ માટે સખી મંડળોને વ્યાજ વગરની લોન મળશે, લારી-ફેરિયાઓને છત્રી અપાશે. તેમજ માછીમારો, MSME વગેરે માટે પણ અનેક યોજનાઓ તેમણે જાહેર કરી છે.

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.